સેનેટ (વાર્ષિક સભા)
તા.૨૬–૩–૨૦૧૫

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

–: કાર્યવાહી :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં ગુરૂવાર, તા.૨૬–૩–૨૦૧૫ના રોજ બપોરે ૧–૦૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન માનનીય કુલપતિશ્રી ડૉ.દક્ષેશ આર. ઠાકરે સંભાળ્યું હતું.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૧)	શ્રી ઓમ પ્રકાશ કોહલી (કુલાધિપતિશ્રી)	ગેરહાજર
(૨)	ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (કુલપતિશ્રી)	હાજર
(૩)	ડૉ. બી. એ. પ્રજાપતિ (ભૂતપૂર્વ કુલપતિશ્રી)	ગેરહાજર
(૪)	ડૉ. જે.આર. મહેતા (કુલસચિવશ્રી)	હાજર
(૫)	સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર	ગેરહાજર
(૬)	ધી ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન, ગાંધીનગર	ગેરહાજર
(૭)	ધી ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન, ગાંધીનગર.	ગેરહાજર
(૮)	ધી ડાયરેકટર ઓફ હેલ્થ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજયુકેશન, ગાંધીનગર.	ગેરહાજર
(૯)	ધી ડાયરેકટર ઓફ એગ્રિકલ્ચર, ગાંધીનગર.	ગેરહાજર
(૧૦)	ધી ચેરમેન, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર.	ગેરહાજર
(૧૧)	ડૉ.એસ. શ્રીનિવાસ રાવ	હાજર
(૧૨)	ડૉ.પ્રિતી કે. ગર્ગ	હાજર
(૧૩)	ડૉ.પરવેઝ અહેમદ અબ્બાસી	ગેરહાજર
(૧૪)	ડૉ.કિરણ એમ. પંડયા	હાજર
(૧૫)	ડૉ.રાકેશ એન. દેસાઈ	હાજર
(૧૬)	ડૉ.દમયંતીબેન પરમાર	હાજર
(૧૭)	ડૉ.હરીશ ડી. ડોકટર	હાજર
(૧૮)	ડૉ.રમણભાઈ ડી. પટેલ	હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૧૯)	ડૉ.કે. સી. પોરીયા	હાજર
(૨૦)	ડૉ.કે. સી. પટેલ	હાજર
(૨૧)	**VACANT**	––
(૨૨)	ડૉ.મોહિનીબેન ગઢિયા	હાજર
(૨૩)	ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ	હાજર
(૨૪)	ડૉ.વિપુલભાઈ જમનાદાસ સોમાણી	હાજર
(૨૫)	ડૉ. રેણુકા ક્રિષ્નદાસ ગર્ગ	હાજર
(૨૬)	ડૉ.દિપિકા ભદ્રેશ શાહ	હાજર
(૨૭)	ડૉ.જગદીશકુમાર મુળજીભાઈ ગુર્જર	હાજર
(૨૮)	આ.ડૉ.વિનોદભાઈ ગુમાનભાઈ પટેલ	હાજર
(૨૯)	આ.ડૉ.શૈલેન્દ્રસિંહ ગંભીરસિંહ માંગરોલા	હાજર
(૩૦)	આ.ડૉ.અશોક મોઘાભાઈ દેસાઈ	હાજર
(૩૧)	આ.ડૉ.સી. બી. કગથરા	હાજર
(૩૨)	આ.ડૉ.અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા	હાજર
(૩૩)	**VACANT**	––
(૩૪)	આ.ડૉ.પ્રભુદાસ એમ. જલસણવાલા	હાજર
(૩૫)	આ.ડૉ.ભાસ્કર મહેન્દ્ર રાવલ	હાજર
(૩૬)	આ.ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ	હાજર
(૩૭)	આ.ડૉ.પ્રફુલ્લસિંહ જશવંતસિંહ રાજ	હાજર
(૩૮)	આ.ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક	ગેરહાજર
(૩૯)	આ.ડૉ.વિકાસભાઈ એ. દેસાઈ	હાજર
(૪૦)	આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ	હાજર
(૪૧)	આ.ડૉ.હરેશભાઈ આર. પટેલ	હાજર
(૪૨)	આ.ડૉ.જયોતિબેન મગનલાલ નાયક	હાજર
(૪૩)	આ.ડૉ.ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ	હાજર
(૪૪)	આ.ડૉ.જયેન્દ્રસિંહ પહાડસિંહ ગોહિલ	હાજર
(૪૫)	આ.ડૉ.વિપીનકુમાર દયાળજી નાયક	હાજર
(૪૬)	આ.ડૉ.કિશોરસિંહ નટવરસિંહ ચાવડા	હાજર
(૪૭)	આ.ડૉ.જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી	હાજર
(૪૮)	આ.ડૉ.પંકજભાઈ સુબોધચન્દ્ર દેસાઈ	હાજર
(૪૯)	**VACANT**	––

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૫૦)	આ.ડૉ.સુધીરભાઈ જાની	હાજર
(૫૧)	આ.ડૉ.રાઉ જયોતિ રઘોથામા	હાજર
(૫૨)	આ.ડૉ.દિલિપભાઈ વરસાણી	હાજર
(૫૩)	ડૉ.કલ્પના આશિત દેસાઈ (ડીન)	હાજર
(૫૪)	આ.ડૉ.જયંત ઠાકોરભાઈ દેસાઈ	હાજર
(૫૫)	આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશી	હાજર
(૫૬)	આ.ડૉ. રાજેન્દ્રપ્રસાદ માયાદત્ત પાંડે	ગેરહાજર
(૫૭)	આ.ડૉ.હર્ષાવતી સી. પટેલ	ગેરહાજર
(૫૮)	આ.ડૉ.છાયા કમલ ગીરીશચન્દ્ર	હાજર
(૫૯)	આ.ડૉ. જશવંતકુમાર ઠાકોરભાઈ ચૌધરી	હાજર
(૬૦)	આ.ડૉ.હેમાલીબેન અરૂણભાઈ દેસાઈ	હાજર
(૬૧)	આ.ડૉ.બાબુભાઈ એફ. ટંડેલ	હાજર
(૬૨)	આ.ડૉ.મહેશકુમાર નાથુભાઈ વશી	હાજર
(૬૩)	આ.ડૉ.નિતિન મગનલાલ પટેલ	હાજર
(૬૪)	આ.ડૉ.હિતેન્દ્રસિંહ યશવંતસિંહ ખરવસીયા	હાજર
(૬૫)	આ.ડૉ.ભાવિનકુમાર રમણલાલ નાયક	હાજર
(૬૬)	આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ	હાજર
(૬૭)	આ.ડૉ.ભારતીબેન મનહરલાલ પંચોલી	હાજર
(૬૮)	આ.શ્રી એન. પી. ચૌહાણ	ગેરહાજર
(૬૯)	આ.ડૉ.ટીલ્વા કાંતિલાલ દેવજીભાઈ	હાજર
(૭૦)	આ.ડૉ.જાગૃતિ કમલેશ પટેલ	હાજર
(૭૧)	આ.શ્રી એન્જિનિયર પર્સી રૂષી	ગેરહાજર
(૭૨)	આ.ડૉ.કેયુરકુમાર એમ. નાયક	હાજર
(૭૩)	આ.ડૉ.પ્રવિણચંદ્ર એમ. પટેલ	ગેરહાજર
(૭૪)	આ.ડૉ.પૃથુલ આર. દેસાઈ	હાજર
(૭૫)	આ.ડૉ.ફાલ્ગુનીબેન હર્ષદરાય દેસાઈ	ગેરહાજર
(૭૬)	આ.ડૉ.વિનોદચંદ્ર નવિનભાઈ પટેલ	હાજર
(૭૭)	આ.ડૉ.બિમલેષકુમારી એ. તેવટીયા	હાજર
(૭૮)	આ.ડૉ.બળવંતસિંહ એન. ઠાકોર	હાજર
(૭૯)	આ.ડૉ.મધુકર એસ. પાડવી	હાજર
(૮૦)	આ.ડૉ.ઈસ્માઈલ મુસા ભાણા	હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૮૧)	આ.ડૉ.કિશોરકુમાર રમણલાલ નાયક	હાજર
(૮૨)	આ.ડૉ.ઘનશ્યામ મગનભાઈ બુટાની	હાજર
(૮૩)	ડૉ.રાઘવેન્દ્ર ડી. દિક્ષિત	હાજર
(૮૪)	આ.ડૉ.બાબારાજુ કીકુભાઈ ભટ્ટ	ગેરહાજર
(૮૫)	આ.ડૉ.રાકેશભાઈ નાનુભાઈ પટેલ	હાજર
(૮૬)	આ.ડૉ.જયેશકુમાર ઘીરુભાઈ પટેલ	હાજર
(૮૭)	આ.ડૉ.કિન્નરી ભરતભાઈ પટેલ	હાજર
(૮૮)	**VACANT**	––
(૮૯)	**VACANT**	––
(૯૦)	**VACANT**	––
(૯૧)	**VACANT**	––
(૯૨)	**VACANT**	––
(૯૩)	**VACANT**	––
(૯૪)	**VACANT**	––
(૯૫)	**VACANT**	––
(૯૬)	**VACANT**	––
(૯૭)	**VACANT**	––
(૯૮)	શ્રી રાજેશકુમાર મનુભાઈ દેસાઈ	હાજર
(૯૯)	શ્રી પંકજકુમાર એમ. દેસાઈ	હાજર
(૧૦૦)	શ્રી પ્રવિણસિંહ આર. સોલંકી	હાજર
(૧૦૧)	શ્રી પ્રવિણચંદ્ર ઠાકોરભાઈ માલી	હાજર
(૧૦૨)	શ્રી એ. બી. નાયક	હાજર
(૧૦૩)	શ્રીમતી સુહાસબેન અનિલસિંહ ડાભી	હાજર
(૧૦૪)	મેજર ઉન્મેષભાઈ પંડયા	હાજર
(૧૦૫)	શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા	હાજર
(૧૦૬)	શ્રી કમલેશ મગનભાઈ પટેલ	હાજર
(૧૦૭)	ડૉ.રજનીકાંત મોહનલાલ પટેલ	હાજર
(૧૦૮)	ડૉ.કે. એન. ભટ્ટ	હાજર
(૧૦૯)	શ્રી બાબુભાઈ બંદુભાઈ ચૌધરી	હાજર
(૧૧૦)	શ્રી કિરીટસિંહ જશવંતસિંહ વાસંદિયા	હાજર
(૧૧૧)	શ્રી ઠાકોરભાઈ એન. ચૌધરી	હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૧૧૨)	ડૉ.વિનોદ પટેલ	હાજર
(૧૧૩)	ડૉ.ઘનશ્યામ દિનેશચંદ્ર રાવલ	હાજર
(૧૧૪)	શ્રી સ્નેહલ કિરણભાઈ જોશી	હાજર
(૧૧૫)	શ્રી મહેશ નારણભાઈ નાગેચા	ગેરહાજર
(૧૧૬)	શ્રી રાજેશભાઈ હરજીભાઈ જોલીયા	હાજર
(૧૧૭)	**VACANT**	––
(૧૧૮)	શ્રીમતી મીનાબેન એસ. ચૌધરી	ગેરહાજર
(૧૧૯)	શ્રી હર્ષ આર. સંઘવી	ગેરહાજર
(૧૨૦)	શ્રી છનાભાઈ કે. ચૌધરી	ગેરહાજર
(૧૨૧)	શ્રી જયરામભાઈ ચેમાભાઈ ગામીત	હાજર
(૧૨૨)	શ્રી પરેશ રમેશભાઈ પટેલ	હાજર
(૧૨૩)	શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ	હાજર
(૧૨૪)	શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા	હાજર
(૧૨૫)	ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય	હાજર
(૧૨૬)	શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી	હાજર
(૧૨૭)	શ્રી સનમકુમાર નટવરલાલ પટેલ	હાજર
(૧૨૮)	શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત	હાજર
(૧૨૯)	શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલ	હાજર
(૧૩૦)	શ્રી કશ્યપ પ્રવિણસિંહ ખરચીયા	હાજર
(૧૩૧)	શ્રી ગણપતભાઈ ભૂરાભાઈ ધામેલીયા	હાજર
(૧૩૨)	શ્રી ભરત ઠાકોરદાસ શેઠ	ગેરહાજર
(૧૩૩)	શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય	હાજર
(૧૩૪)	ડૉ.આર. ડી. પટેલ	હાજર
(૧૩૫)	શ્રી ધર્મેશભાઈ પી. શાહ	હાજર
(૧૩૬)	શ્રી કિરીટકુમાર અમૃતલાલ પટેલ	હાજર
(૧૩૭)	શ્રી પ્રજ્ઞેશકુમાર છીતુભાઈ મીસ્ત્રી	હાજર
(૧૩૮)	ડૉ.અનિલભાઈ ગોસ્વામી	હાજર
(૧૩૯)	શ્રી યોગેશભાઈ બટુકભાઈ દેસાઈ	હાજર
(૧૪૦)	શ્રી મહેશભાઈ વલ્લભભાઈ પટેલ	હાજર
(૧૪૧)	શ્રી દિનકરરાય સી. નાયક	હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૬–૩–૨૦૧૫
(૧૪૨)	ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ	ગેરહાજર

સભાની શરૂઆત યુનિવર્સિટી ગીતથી થઈ હતી ત્યાર બાદ કુલસચિવશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા અને સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન દિવંગત થયેલ નીચે મુજબના મહાનુભાવો, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં અધ્યાપકો પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રધ્ધાંજલી આપી હતી.

૧.	સ્વ.ઘેલુભાઈ ગુલાબભાઈ નાયક	સ્વાતંત્ર્ય સેનાની.
૨.	સ્વ.નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ	ચાન્સેલરશ્રી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૩.	સ્વ.ગોસાઈભાઈ છીબાભાઈ પટેલ	ગુજરાત વિધાનસભા, ભૂતપૂર્વ દંડક.
૪.	સ્વ.ભરતભાઈ મણિલાલ ભંડારી	પટાવાળા, બાયોસાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૫.	સ્વ.ગણેશભાઈ નારણભાઈ પટેલ	વાયરમેન કમ કેબલ જોઈન્ટર, બાંધકામ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૬.	સ્વ.સતીષભાઈ એલ. દવે	હેડ કલાર્ક, યુ. જી. સી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૭.	સ્વ.ભારતીબેન આર. સુરતી	સિનિયર કલાર્ક, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૮.	સ્વ.રમણભાઈ પાઠક	પ્રાધ્યાપક, પટેલ રમણ બ્રધર્સ આર્ટસ અને પટેલ ગોપાલભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, સરદાર બાગ, બારડોલી.
૯.	સ્વ.છોટુભાઈ કે. પીઠાવાલા	પ્રમુખ, નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, રાંદેર રોડ, સુરત.

૧૦.	સ્વ.આચાર્ય પી. એમ. ઉપાધ્યાય	ભૂતપૂર્વ આચાર્ય, જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ.

કુલસચિવશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચે મુજબના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને તેઓ યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે તેવી આશા વ્યકત કરી હતી.

૧.	શ્રી ઓમ પ્રકાશ કોહલી	માનનીય રાજયપાલશ્રી તથા કુલાધિપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, રાજ ભવન, સેકટર–૨૦, ગાંધીનગર – ૩૮૨ ૦૨૦.
૨.	ડૉ. કે. સી. પટેલ	પ્રો. અને હેડ, કેમીસ્ટ્રી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.	ડૉ.દિપિકા ભદ્રેશ શાહ	પ્રો. અને હેડ, એજયુકેશન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૪.	આ.ડૉ.કિન્નરી ભરતભાઈ પટેલ	બી. જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી, જી. સુરત.

વય મર્યાદાને લીધે તથા અન્ય કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોની તેઓએ આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી તેની યાદી નીચે પ્રમાણે છે.

૧.	ડૉ.શ્રીમતી કમલા	માનનીય રાજયપાલશ્રી તથા કુલાધિપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,રાજ ભવન, સેકટર–૨૦, ગાંધીનગર – ૩૮૨ ૦૨૦.
૨.	ડૉ.પિયુષ વી. દેસાઈ	પ્રો. અને હેડ, બાયોસાયન્સિસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.	ડૉ.ગણેશભાઈ એસ. પરમાર	પ્રો. અને હેડ, એજયુકેશન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૪.	ડૉ.પ્રતિભાબેન બી. દેસાઈ	શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, એમ.ટી.બી. કોલેજ કેમ્પસ, પી. ટી. સાયન્સ કોલેજ પાછળ, ચોપાટી સામે, અઠવાલાઈન્સ, સુરત.

૧. સેનેટની તા.૨૫–૩–૨૦૧૪ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **સેનેટની તા.૨૫–૩–૨૦૧૪ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવી હતી.**

૨. સને ૨૦૧૫–૨૦૧૬ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

:: **યુનિવર્સિટી એકટની કલમ 15 (X)ની જોગવાઈ મુજબ નાણાંકીય વર્ષ : ૨૦૧૫–૨૦૧૬ માટે નીચેના સેનેટ સભ્યોને વિજેતા ક્રમ મુજબ તા.૦૧–૦૪–૨૦૧૫ થી તા.૩૧–૦૩–૨૦૧૬ સુધી અથવા તેઓશ્રી સેનેટ સભ્યપદે ચાલુ રહે એ બે માંથી જે પ્રથમ હોઈ ત્યાં સુધીના સમય માટે બોર્ડ ઓફ એકાઉન્ટસ પર સ્ટેટયૂટ–૧૯૭ મુજબ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં હતા.**

(૧) **શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલ**
સી–૧૦૧, રૂષિ વિહાર ટાઉનશીપ,
મહાદેવ બાગ પાસે, પરવત પાટીયા,
સુરત.

(૨) **શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી**
૧૯૨–૧૯૩, ઈન્દીરા નગર,
હીરાબાગ, વરાછા, **સુરત –૬.**

(૩) **શ્રી ગણપતભાઈ ભુરાભાઈ ધામેલિયા**
૭૧, રીવેરા બંગ્લોસ,
ભકિત નંદન સેકટરની બાજુમાં,
મોટા વરાછા, **સુરત – ૩૯૪ ૧૦૧.**

(૪) **શ્રી ધર્મેશભાઈ પદ્મનાભભાઈ શાહ**
૪, અલ્કાપુરી સોસાયટી,
સુમુલ ડેરી પાસે, **સુરત.**

(૫) **શ્રી જયરામભાઈ ચેમાભાઈ ગામિત**
મુ.: કતાસવણ, પો.: સાકરડા,
તા.: ઉચ્છલ, **જિ.: તાપી – ૩૯૪ ૩૭૫.**

(૨.અ) પ્રશ્નોત્તરી :

: પ્રશ્નોત્તરી :

ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧. (i) રાજય સરકાર દ્વારા કુલ કેટલી શૈક્ષણિક જગ્યાઓ મંજુર થઈ છે? વિગત આપશો.

(ii) રાજય સરકાર દ્વારા હાલમાં બિન–શૈક્ષણિક જગ્યાઓ મંજુર થઈ છે? વિગત આપશો.

(iii) સ્વનિર્ભર અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ કુલ કેટલી શૈક્ષણિક જગ્યાઓ ભરવામાં આવી? વિગત આપશો.

ઉત્તરઃ ૧. (i) રાજય સરકાર દ્વારા કુલ ૧૩૭ શૈક્ષણિક જગ્યાઓ મંજુર થઈ છે, માહિતિ આ સાથે **પરિશિષ્ટઃ ' ૧ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટઃ' ૧ ')**

(ii) શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/૧૫૭૬/ખ, તા.૧/૧/૨૦૧૩ અને તા.૨૩/૧/૨૦૧૩ના પત્રથી ગ્રંથપાલ, નાયબ હિસાબનીશ, જુનિયર લાયબ્રેરી આસિસ્ટન્ટ અને યુનિવર્સિટી ઇજનેર (જુનિયર ઇજનેર) ની પાંચ બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા મંજૂરી મળેલ છે.

(iii) ૨૦૧૧–૧૨માં – ૦૦,

૨૦૧૨–૧૩માં – ૦૯,

૨૦૧૩–૧૪માં – ૦૬, અને

૨૦૧૪–૧૫માં – ૦૩

કુલ ૧૮ શૈક્ષણિક જગ્યાઓ સ્વનિર્ભર હેઠળ ભરવામાં આવી છે.

માહિતી આ સાથે **પરિશિષ્ટ : ' ૨ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ૨ ')**

આ.ડૉ.જયંતીકુમાર એમ. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન આપણી યુનિવર્સિટીમાં કેટલા નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે? કયા કયા? તે જણાવશો.

ઉત્તરઃ ૨. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩– ૨૦૧૪ દરમ્યાન આપણી યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

Sr.no	Faculty		Cource Name
1	Arts	1	Post Graduate Diploma in Corporate Legal Management
		2	Post Graduate Diploma in Training and Development
		3	Post Graduate Diploma in Human Resources Management
		4	Post Graduate Diploma in Corporate Governance
		5	**સાહિત્ય સંશોધન અને કોમ્પ્યુટરનો પી.જી. ડિપ્લોમાં અભ્યાસક્રમ**
		6	M.Phill.(Library & Information Science)
		7	Ph.D. (Library & Information Science)
2	Law	1	B.Com.LL.B. Integrated Course
		2	LL.M. (Human Rights Group)

ડૉ.કે. સી. પોરીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩. વિજ્ઞાન ભવન પૂર્ણ થવા માટે અંદાજીત કેટલો સમય લાગશે? ભવનમાં આંતરીક સુવિધાઓ માટે અંદાજીત ખર્ચ કેટલો થનાર છે? અને તે અંગે કઈ રીતે વ્યવસ્થા થનાર છે?

ઉત્તરઃ ૩. વિજ્ઞાન ભવનનું બાંધકામ અંદાજે સપ્ટેમ્બર-ઓકટોબર ૨૦૧૫ સુધીમાં પૂર્ણ થનાર છે. ભવનમાં આંતરીક સુવિધા માટે હાલના વપરાશમાં લેવાતા કામ લાગે તેવા ફર્નિચર વિગેરેનો ઉપયોગ કર્યા બાદ જરૂરિયાત મુજબની ફર્નિચર, ટેલીફોન, ઈન્ટરનેટ વિગેરેની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. વિજ્ઞાન ભવન માટે વર્ષ અંદાજપત્રમાં રૂા.૧,૫૦,૦૦,૦૦૦/– (૨૦૧૫–૧૬)ની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ખર્ચ કરવામાં આવશે.

ડૉ.રાકેશ એન. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી માટેની પૂર્વ તૈયારી અંગે માહિતી આપશો.

ઉત્તરઃ ૪. યુનિવર્સિટીની સુવર્ણ જયંતી નિમિતે વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓના આયોજન માટે યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ પાસેથી કયા પ્રકારના કાર્યક્રમો / પ્રવૃત્તિઓ કરી શકાય તે માટે માહિતી મંગાવવામાં આવેલ છે તેમજ મા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ છે. જે સમિતિની ભલામણ અનુસાર વિવિધ કાર્યક્રમો / પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

શ્રી કમલેશ એમ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો હતો.

પ્રશ્ન : ૧. યુનિવર્સિટીની સુવર્ણ જયંતીની ઉજવણી માટે નામો આપી શકશો?

ઉત્તર : ૧. સૂચનો લીધેલા છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સુવર્ણ જયંતિ ઉજવવા જઈ રહી છે, પૂર્વ તૈયારી રૂપે યુનિવર્સિટીનાં વિવિધ વિભાગીય વડાશ્રીઓ પાસેથી કાર્યક્રમો અંગે માહિતી મંગાવવામાં આવી છે. ગૌરવપૂર્ણ રીતે ઉજવાય તે રીતનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે ડૉ.અપૂર્વ એ. દેસાઈ, ડૉ.રાકેશ એન. દેસાઈ, આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ તથા ડૉ.જગદીશભાઈ એમ. ગુર્જરની એમ ચાર સભ્યોને સમિતિમાં નિયુકત કર્યા છે.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા હતા.

પ્રશ્ન : ૧. કયા સત્તામંડળને આધારે નિમણૂંક કરી છે?

ઉત્તર : ૧. કુલપતિની સત્તા છે.

પ્રશ્ન : ૨. સત્તા કોણે આપી?

ઉત્તર : ૨. નોટિસની જરૂર છે.

ડૉ.રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫. (i) યુનિવર્સિટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દાનની જાહેરાત થઈ છે?

(ii) કયા કયા કામો કરવા માટે આ દાનની જાહેરાત થઈ છે?

ઉત્તરઃ ૫. (i) (ii) યુનિવર્સિટીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કામો કરવા માટે જાહેર થયેલ દાનની વિગતો દર્શાવતું **પરિશિષ્ટઃ ' ૩ '** આ સાથે સામેલ છે. **(પરિશિષ્ટઃ ' ૩ ')**

ડૉ.જગદીશકુમાર એમ. ગુર્જરે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬. નાટય કલા તથા ચિત્રકલા જેવી લલિત કલાઓના પ્રસ્તુતીકરણ તથા અધ્યયન–અધ્યાપન માટે યુનિવર્સિટી દ્વારા કોઈ વિશેષ આયોજન વિચારવામાં આવ્યું છે?

ઉત્તરઃ ૬. નાટય કલા તથા ચિત્રકલા જેવી લલિત કલાઓના પ્રસ્તુતીકરણ તથા અધ્યયન–અધ્યાપન માટે યુનિવર્સિટીમાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે આવશ્યકતા અનુસાર આયોજન કરવામાં આવશે આર્ટ ગેલેરી યુનિવર્સિટી કેમ્પસ ખાતે નિર્માણાધિન છે.

આ.ડૉ.ભાવિનકુમાર આર. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭. પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ મેળવેલ સંશોધનાર્થી દ્વારા વર્ષ ૨૦૧૪ દરમ્યાન આંતર રાષ્ટ્રિય કોન્ફરન્સમાં ભાગ લીધો હોય તેવા યુનિવર્સિટી દફતરે નોંધાયેલ સંશોધનાર્થીના નામ, સંશોધનનો વિષય અને તેના માર્ગદર્શક શિક્ષકનું નામ અને વિગત.

ઉત્તરઃ ૭. પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ મેળવેલ સંશોધનાર્થી દ્વારા વર્ષ ૨૦૧૪ દરમ્યાન આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લીધો હોય તેવા વિદ્યાર્થીઓની વિગતો નીચે મુજબ છેઃ

ક્રમ	સંશોધનાર્થીનું નામ	સંશોધનનો વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ
૧.	નેહા ગુટકર	Sociology of Professions	ડૉ.પરવેઝ અબ્બાસી
૨.	મોનિકા ચંડેલ	ટેક્ષટાઈલ પ્રદુષણની ચણાના ઉગવાની પ્રક્રિયામાં થતી અસર	ડૉ. એસ. કે. ટાંક

ડૉ.કે. સી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર આર્ટ ગેલેરીનું નિર્માણ થયેલ છે, તે આર્ટ ગેલેરી માટે બાંધકામનો વિસ્તાર (ક્ષેત્રફળમાં). આર્ટ ગેલેરી માટે રાજય સરકાર દ્વારા અનુદાન આપેલ છે કે કેમ? અનુદાન આપેલ હોય તો અનુદાનની રકમ. આર્ટ ગેલેરી માટે દાતા તરફથી દાન આપેલ હોય તો દાતાની વિગત.

ઉત્તરઃ ૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પર આર્ટ ગેલેરી નિર્માણાધીન છે. આર્ટ ગેલેરી માટે બાંધકામનો વિસ્તાર (બિલ્ટપઅપ એરીયા) અંદાજે ૧૨૦૧૧.૩૮ ચો.ફૂટ જેટલો થાય છે.

આર્ટ ગેલેરી માટે રાજય સરકાર દ્વારા અનુદાન આપેલ નથી. આર્ટ ગેલેરી માટે શ્રી કમલ તુલશ્યાન, શ્રીમતી જયદેવી જયનારાયણ ટ્રસ્ટ દ્વારા બાંધકામ કરી આપવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯. યુનિવર્સિટીના કન્વેન્શન હોલ બાબતે નીચેની માહિતી કન્વેન્શન હોલ તૈયાર થયો ત્યારથી આજદિન સુધીની આપશો.

(અ) યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ભાડે આપવા માટે કોઈ ધોરણો / નિયમો બન્યા છે?

(બ) તે બન્યા હોય તો કોણે મંજૂર કર્યા છે?

(ક) તે કારણો/ નિયમો જણાવશોજી.

(ડ) નીચેની માહિતી કોઠા પ્રમાણે આપશો.

ભાડે આપ્યાની તારીખ	ભાડે આપ્યાનો સમય કયાંથી કયાં સુધી	ભાડે આપેલ સંસ્થા કે વ્યકિતનું નામ	વસુલ કરવામાં આવેલ ભાડા સહિતની કુલ રકમ	કયા કાર્યક્રમો માટે ભાડે આપેલ તે

.

ઉત્તરઃ ૯. યુનિવર્સિટીના કન્વેન્શન હોલ અંગેની માહિતી નીચે મુજબ છે.

(અ) હાજી.

(બ) સિન્ડિકેટની તા.૨૧–૦૯–૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક–૭૩થી મંજૂર થયેલ છે.

(ક) માહિતી આ સાથે **પરિશિષ્ટ : ' ૪ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટઃ ' ૪ ')**

(ડ) Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. Statute : 36 (2) એમેન્ડમેન્ટ થયેલો સ્ટેટયુટ છે કે ઓરિજનલ છે?

ઉત્તર : ૧. અત્યારે માહિતી નથી તમને માહિતી આપવામાં આવશે.

પ્રશ્ન : ૨. Statute : 36 (2) રદ કરવા માટેની કોઈ સેનેટ/સિન્ડિકેટ મેમ્બરની અરજી આવેલી ખરી?

ઉત્તર : ૨. હાજી.

શ્રી યોગેશભાઈ બી. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦. A- 1. ૨૦૧૪–૧૫માં ક્રિકેટ ગ્રાઉન્ડથી યુનિવર્સિટીને કેટલી ભાડાની આવક થઈ? ખર્ચ કેટલો થયો?

2. ૨૦૧૪–૧૫માં કન્વેન્શન હોલમાં ભાડાની આવક–જાવક તથા હાલ કેટલુ ભંડોળ છે?

3. યુનિવર્સિટીમાં આવેલ લો–ફેકલ્ટીમાં (ઈન્ટીગ્રેટેડ) કોર્સમાં કેટલા વિદ્યાર્થીએ એડમિશન આપેલ છે? તથા એક વિદ્યાર્થીને ફીની ૨કમ કેટલી? લો ભવન માટે કેટલુ દાન આવેલ છે? દાન આપના૨નું નામ શું છે?

4. વર્ષ–૨૦૧૪–૧૫માં લાઈબ્રેરીમાં કેટલા નવા પુસ્તક માટે ઓર્ડ૨ આપેલ છે? કેટલા નવા પુસ્તક ખરીદયાં? કેટલા ખરીદવા માંગો છો? યુનિવર્સિટીમાં કેટલી વાઈ–ફાઈ સુવિધા આપી છે?

5. યુનિવર્સિટીમાં આવેલ રિસર્ચ સેન્ટ૨માં કેટલા વિદ્યાર્થીઓ રિસર્ચ કરી ૨હ્યા છે? કઈ કઈ વિષય પ૨ કરે છે?

6. યુનિવર્સિટી બોઈઝ હોસ્ટેલમાં કેટલા વિદ્યાર્થીઓ તથા લેડીઝ હોસ્ટેલમાં કેટલી વિદ્યાર્થીઓ ૨હે છે? જે વિદ્યાર્થીની હોસ્ટેલ ફી કેટલી? હોસ્ટેલમાં શું સુવિધા છે? હોસ્ટેલ કમિટિ નિમાયેલ હોય તો શું કાર્ય કમિટિએ કર્યું?

ઉત્ત૨ઃ ૧૦. A- 1. ૨૦૧૪–૧૫ માં ક્રિકેટ ગ્રાઉન્ડથી યુનિવર્સિટીને રૂા. ૯,૯૦,૦૦૦/– ની ભાડાની આવક થઈ અને રૂા.૫,૬૪,૩૬૩/– નો ખર્ચ થયેલ છે.

2. ૨૦૧૪–૧૫માં કન્વેન્શન હોલમાં ભાડાની રૂા.૩૧,૨૨,૦૦૦/–ની આવક તથા રૂા.૧૧,૯૭,૫૫૬/– ની જાવક થયેલ છે.

3. યુનિવર્સિટીના કાનૂન વિભાગમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૧૪થી શરૂ ક૨વામાં આવેલ પાંચ વર્ષીય ઈન્ટેગ્રેટડ બી.કોમ. એલ.એલબી. (ઓનર્સ) પ્રોગ્રામમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩–૧૪માં ૨૫ અને શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૪–૧૫માં ૫૮ વિદ્યાર્થીઓ પ્રવેશ આપ્યો હતો.

વિદ્યાર્થીઓએ સેમેસ્ટ૨ પ્રમાણે રૂા.૨૫,૦૦૦/– શિક્ષણ ફી તથા નિયામાનુસા૨ અન્ય ફી.

લો ભવન માટે એડવોકેટ શ્રી જીવરાજ વસોયા દ્વારા ૫૧,૦૦,૦૦૦/– (રૂપિયા એકાવન લાખ)નું દાન આપવાની જાહે૨ાત ક૨ેલ છે જે પૈકી રૂા.૨૫,૦૦,૦૦૦/– નું દાન યુનિવર્સિટીને મળેલ છે.

4. વર્ષ ૨૦૧૪–૧૫ કુલ–૨૨ ઓર્ડ૨ આપવામાં આવેલ છે. અને ૯૧૮ પુસ્તકો ખરીદવામાં આવેલ છે. તથા બજેટ અને અનુદાનના પ્રમાણમાં વિભાગીય વડાશ્રીઓ પાસેથી યાદીઓ મંગાવીને પુસ્તકો ખરીદવામાં આવશે. વિદ્યાર્થીઓને વાઈફાઈની સગવડ આપવામાં આવેલ છે. યુનિવર્સિટીના અમુક અનુસ્નાતક ભવનો અને પુસ્તકાલયમાં સદ૨ સુવિધા છે.

5. રિસર્ચ સેન્ટરમાં એમ.ફિલ.ના લઘુશોધ નિબંધો અને પીએચ.ડી.ના થિસીસ સંગ્રહિત કરવામાં આવેલ છે તદુપરાંત ઈન્ટરનેટ જોડાણ સહિતનાં પાંચ કમ્પ્યૂટર ઉપલબ્ધ છે.જેનો સંશોધકો ઉપયોગ કરે છે.

6. યુનિ.બોયઝ હોસ્ટેલમાં સને ૨૦૧૪–૧૫માં કુલ ૩૩૦ વિધાર્થીઓ તથા ર્ગલ્સ હોસ્ટેલમાં ૫૮૫ વિદ્યાર્થીનીઓ રહે છે. સેમેસ્ટર દીઠ રૂા.૬૦૦/– ફી લેવામાં આવે છે બોઈઝ હોસ્ટેલમાં આપવામાં આવતી સુવિધાઓ જેવી કે, રમત ગમતનાં સાધનો, ટેબલ ખુરશી અને પલંગ, મનોરંજન માટે હોસ્ટેલદીઠ ટી.વી. તેમજ જમવા માટે મેસની સુવિધા તથા ર્ગલ્સ હોસ્ટેલમાં દરેક રૂમમાં કબાટ, પલંગ, ટેબલ-ખૂરશી, દરેક હોસ્ટેલમાં ટી.વી., ફ્રીજની વ્યવસ્થા, રમત-ગમતના સાધનો અને વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલનાં પરીસરમા જ લાઈબ્રેરી પુરી પાડવામાં આવે છે. હોસ્ટેલ એડવાઈઝરી કમિટિ કાર્યરત છે.

શ્રી યોગેશભાઈ બી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો.

પ્રશ્ન : ૧. તમે આવક જાવકની માહિતી આપી છે અને ભંડોળની માહિતી આપી નથી?

ઉત્તર :૧. વિગતો આપને મળી જશે.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા.

પ્રશ્ન : ૧. કન્વેન્શન હોલની આવકમાં સર્વિસ ટેક્ષ સામેલ છે?

ઉત્તર : ૧. નથી લીધો. શૈક્ષણિક સંકુલ છે તેથી પરામર્શ કરી રહ્યા છીએ. આપણે શૈક્ષણિક સંસ્થાઓને આપીએ છીએ.

પ્રશ્ન : ૨. બહાર જે દુકાનો છે તેનો સર્વિસ ટેક્ષ લેવામાં આવે છે?

ઉત્તર : ૨. નાજી.

પ્રશ્ન : ૩. સર્વિસ ટેક્ષ તો કસ્ટમર પાસેથી લેવાનો હોય છે?

ઉત્તર : ૩. યુનિવર્સિટીને ભરવાનું થશે ત્યાં ભરશે. યુનિવર્સિટીના હીતમાં પૈસા બચાવી શકે છે.

ડૉ.મોહિનીબેન ગઢીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં વિદ્યાર્થીનિઓ તેમજ શૈક્ષણિક અને વહીવટી મહિલા કર્મચારી બહેનોની સંખ્યા જોતા તેમના માટે અલાયદુ બાથરૂમ અટેચ્ડ લેડીઝ રૂમોની કોઈ વ્યવસ્થા છે? જો હોય તો તેનુ સ્થળ જણાવશોજી. જો ' ના ' હોય તો યુનિવર્સિટી આ અંગે કયારે વ્યવસ્થા કરવાની છે?

ઉત્તરઃ ૧૧. હાજી, યુનિવર્સિટીના મોટાભાગના અનુસ્નાતક ભવનો તથા વહીવટી ભવનોમાં સુવિધા છે.

ડૉ.મોહિનીબેન ગઢીયાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્ન : ૧. બહેનો માટે અલાયદા લેડીઝરૂમની વ્યવસ્થા કયાં છે?

ઉત્તર : ૧. એડ્મિનિસ્ટ્રેટીવ બિલ્ડીગમાં વ્યવસ્થા કરવામાં આવશે તેમજ મોટાભાગના અનુસ્નાતક વિભાગોમાં વ્યવસ્થા છે.

પ્રશ્ન : ૨. વિકલાંગો માટે ટોઈલેટ અંગે આયોજન ખરુ?

ઉત્તર : ૨. વિચારી શકાય, હવે પછી જેટલાં નવા ભવનો બનશે તેમાં આ અંગેની વિચારણા કરીશું. જૂના ભવનો માટે સૂચના આપી દીધી છે.

શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન : ૧. ચેઈન્જ કરી શકાય?

ઉત્તર : ૧. બાબત ધ્યાન ઉપર લીધી છે. ગુજરાત સરકારે શિક્ષણ વિભાગ ધ્વારા પહેલી વખત ૧૦ કરોડની ગ્રાંટ મંજૂર કરી છે. ઈતિહાસમાં પહેલી વાર યુનિવર્સિટીને આપી રહી છે. જેટલા ભવનો છે તેને રંગરોગાણ કરવા તેમજ ટોઈલેટ વગેરે રીનોવેટ કરવા સ્પેશ્યલ ગ્રાંટ આપી છે. હવે પછી નવી બિલ્ડીગો માટે પહેલેથી જ ધ્યાન રાખી સગવડ ઉભી કરીશું.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. લેડીઝ માટે કોમનરૂમ હોવા જોઈએ, યુનિવર્સિટીના વહીવટી તથા પરીક્ષા ભવન માટે પણ કોમનરૂમ બનાવવું જોઈએ.

ઉત્તર :૧. કોમનરૂમની વ્યવસ્થા કરવા અંગેની દિશામાં વિચાર્યુ છે.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્ન :૧. યુનિવર્સિટી વહીવટી ભવનમાં જે લીફ્ટ છે તેનો ઉપયોગ ઘણાં અપંગ કે પગનો પ્રોબ્લેમ હોય, ફિઝિકલી રીતે પ્રોબ્લેમ હોય તેમજ ઉપર જવા માટે તકલીફો હોય તેમના માટે ઉપયોગમાં લેવાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.

ઉત્તર :૧. લીફ્ટ ચાલુ છે, હેન્ડીકેપ તથા તકલીફ હોય તેવા વ્યકિતઓને કહીએ છીએ.

પ્રશ્ન :૨. લીફ્ટની દરેકને જાણ નથી હોતી તો એક બોર્ડ લગાડી દેવાય કે લીફ્ટ પાછળ છે?

ઉત્તર :૨. હાજી, નોંધ કરી દઈશું કે લીફ્ટ પાછળ છે.

પ્રશ્ન :૩. લીફ્ટમેન રાખો.

ઉત્તર :૩. વિચારીશું.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. ડે કેર સેન્ટર કાર્યરત કરવું જોઈએ.

ઉત્તર :૧. ડે કેર સેન્ટર કાર્યરત કરેલું જ છે. બહેનોને જાણ પણ કરી જ છે. બહેનો નથી આવતી તેમજ ત્યાં બાળકો નથી આવતાં. ઈન્ફાસ્ટ્રકચર પૂરેપૂરું કરેલ છે. આ બાબતે મોહિનીબેન તથા રેણુકાબેને ઘણી કામગીરી કરેલ છે. જો વ્યકિત ન મળે તો આપણે કાંઈ ન કરી શકીએ.

શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. મારી રીકવેસ્ટ છે કે એક વર્ષ માટે ઓબ્ઝરવેશનમાં મૂકો, જો પરિપૂર્ણ ન કરી શકે તો તે ખામી સુધારવી જોઈએ.

ઉત્તર :૧. આવું મોટું ઈન્ફ્રાસ્ટ્રકચર બંધ હોય, આ વિભાગ યુટિલાઈઝ થાય, મોહિનીબેન અને રેણુકાબેન આ અંગે અંગત રસ લઈ ઓફિસ ટાઈમ પછી બજારમાંથી જાતે જઈ ખરીદી કરી હતી.

ડૉ.એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ૧. ડે કેર અલગ એસ્ટાબ્લીશમેન્ટ છે. વુમન કેર સેન્ટર અલગ એસ્ટાબ્લીશમેન્ટ છે. ડે કેર સેન્ટર નોટ ઓન્લી ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર. આયાની પણ નિમણૂંક કરવી જોઈએ. વી શુડ એડવરટાઈઝ ઈન ન્યુઝ પેપર ઓલ્સો.

ઉત્તર :૧. આયાને પણ રીક્રુટ કરી શકાય, ન્યુઝપેપરમાં આપી શકાય.

આ.ડૉ.વિજયકુમાર અનંતરાય જોશીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. યુનિવર્સિટીમાં લેડીઝ કોમન રૂમ નથી તો લેડીઝ કોમન રૂમ બનાવી દે તો તેનો પ્રશ્ન હલ થઈ શકે.

ઉત્તર :૧. યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા તથા અન્ય કામો માટે બહારથી વિદ્યાર્થીનીઓ તથા મુલાકાતીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે, ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વહેલા આવતા હોય છે, જેથી એમને ખૂબ જ અગવડ પડતી હોવાનું ધ્યાન પર આવ્યું છે. કેમ્પસ પર આ અંગેની વ્યવસ્થા કરવા જઈ રહ્યા છીએ.

આ.ડૉ.પંકજભાઈ એસ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૨. પીએચ.ડી. સંશોધન અભ્યાસના યુ. જી. સી. રેગ્યુલેશન ૨૦૦૯ની ગાઈડ લાઈનનો અમલ કરી પ્રવેશની કાર્યવાહી કયા વર્ષથી કરવામાં આવી.

ઉત્તરઃ ૧૨. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧થી.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્નઃ ૧. વર્ષ ૨૦૦૯ની યુ.જી.સી. ગાઈડલાઈનની વાત છે તેનો અમલ તાત્કાલિક કરવાનો?

ઉત્તર :૧. નોટિસની જરૂર છે.

પ્રશ્નઃ ૨. યુનિવર્સિટીએ વર્ષ ૨૦૦૯માં ગાઈડ લાઈન બહાર પાડી છે ત્યાર પછી પ્રથમ વખત પીએચ.ડી.ની પરીક્ષા કયારે લીધી હતી?

ઉત્તર :૨. નોટિસની જરૂર છે.

પ્રશ્ન :૩. યુનિવર્સિટીમાં યુ.જી.સી.ની ગાઈડ લાઈન બહાર પડયા પછી ૧૦૦ થી ૧૫૦ પીએચ.ડી.માં એડમીશન આપ્યા છે તો ભરતીના પ્રશ્ને આ માન્ય ગણાશે?

ઉત્તર :૩. યુનિવર્સિટી વિદ્યાર્થીઓના હિતમાં વિચારશે.

પ્રશ્નઃ ૪. યુ. જી. સી.એ નિયમો બહાર પાડેલા છે, અમલમાં મૂકવાનો હતો. જો મોડો અમલ કરવામાં આવે તો પીએચ.ડી./એમ.ફિલ. વિદ્યાર્થીઓને અસર થાય છે?

ઉત્તર :૪. એ આપણો પ્રશ્ન નથી, એ યુ.જી.સી.એ જોવાનું છે.

પ્રશ્નઃ ૫. આવા ભરતીના પ્રશ્નો અગાઉ આવ્યા છે?

ઉત્તર :૫. અમારી પાસે પ્રશ્નો આવ્યા નથી. જો આવશે પૂરી ગંભીરતાથી વિચારીશું.

પ્રશ્નઃ ૬. આઉટ ઓફ વે પ્રવેશ અપાયા હોવાની વાત સાચી છે?

ઉત્તર :૬. ઓફિસના ધ્યાન ઉપર આવી વાતો ધ્યાન પર આવી નથી.

પ્રશ્નઃ ૭. જે યુનિવર્સિટી આરટીઆઈમાં આ માહિતી આપી શકતી હોય તો અહી કેમ નહીં? યુનિવર્સિટી છૂપાવે કેમ છે?

ઉત્તર :૭. વિગતો મળી જશે. કોઈ વાત છૂપાવવાની હોતી નથી.

ડૉ.દીપિકા બી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૩. યુનિવર્સિટીના ભાવિ વિકાસ માટેના કયા આયોજનો છે?

ઉત્તરઃ ૧૩. યુનિવર્સિટીમાં ભાવિ વિકાસ માટે નાણાંકીય જોગવાઈ અનુસાર વિવિધ વિભાગોના મકાનો, લેબોરેટરી, લાઈબ્રેરી અને રમતગમતને પ્રોત્સાહન આપવા માટે સ્પોર્ટસની સુવિધાઓ આપવામાં આવશે.

ડૉ. દિપિકા બી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. યુનિવર્સિટીના ભાવિ વિકાસ માટે જેમ કે મકાનો/ લાયબ્રેરી/ રમતગમત વિગેરે માટે કયા આયોજનો છે?

ઉત્તર :૧. વખતોવખત આ અંગે યુનિવર્સિટીના વડાશ્રીઓ સાથેની મિટીગો થતી હોય છે અને ખાસ કરીને વડાશ્રીઓ સાથેની મીટીગમાં યુનિવર્સિટીના વિકાસ અંગે શું કરી શકાય તે અંગેના સૂચનો મંગાવવામાં આવ્યા છે, જરૂરી કોઈપણ સૂચનોનો અમલ કરવા તૈયાર છીએ.

ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્નઃ ૧. ભાવિ વિકાસ માટે "ગ્રીન કેમ્પસ" અંગે વિચારી શકાય ?

ઉત્તર :૧. એક બે સંસ્થા સાથે આ અંગે મીટીગ થઈ છે. એક સંસ્થાએ થોડા વૃક્ષો રોપી આપ્યા છે, અત્યારે કેમ્પસ પર ખારૂ પાણી આવે છે. એસ.એમ.સી. આપણને પાણી અંગે સપોર્ટ ઓછા ખર્ચે કેવી રીતે કરી શકે તે દિશામાં જો મદદરૂપ થાય તો આ પાણી દ્વારા વૃક્ષોનો ઉછેર કરી શકાય પાણીના અભાવને કારણે ઉદ્દેશ પાર નથી પાડી શકાતો. પાણી વિના વૃક્ષો નાશ પામે છે. આ અંગે યુનિવર્સિટી ગંભીરપણે વિચારી રહી છે. મેન પાવર અંગે પણ વિચારવાનું રહે છે. ઓછા ખર્ચે માણસો મળે અથવા તો ચાર–પાંચ એડહોક ધોરણે માળીની નિમણૂંક કરી શકાય. આમ, કેમ્પસ કલીન રાખી શકાય અને દર ત્રીજા દિવસે પાણી પાવાનું કામ સારી રીતે થાય તે દિશામાં વિચારી શકાય.

પ્રશ્નઃ ૨. આપણી યુનિવર્સિટી પર પક્ષી અભિયારણ અંગે પણ વિચારી શકાય?

ઉત્તર :૨. આ અંગે જરૂર વિચારી શકાય. વૃક્ષો વાવવા પડે, આગામી બે વર્ષમાં "ગ્રીન કેમ્પસ" બનાવી શકીએ એમ છીએ. રૂા.દોઢ થી બે લાખ ખર્ચીને બગીચો ઉભો કર્યો છે. ડેવલપ કરી આપે અને વધારેમાં વધારે આખું કેમ્પસ ગ્રીન અને કલીન જોવા મળશે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. યુનિવર્સિટીના ભાવિ વિકાસ અંગે નવા કયા ડિપાર્ટમેન્ટો તથા કોર્ષ ચાલુ કરવા જઈ રહ્યા છે ? રૂરલ સ્ટડીઝમાં જર્નલો પ્રસધ્ધિ કરવા પત્ર લખેલો પરંતુ આ અંગે કોઈ સક્ષમ જવાબ મળેલ નથી.

ઉત્તર :૧. યુનિવર્સિટી સંપૂર્ણપણે જવાબદારીપૂર્વક યુનિવર્સિટીનો વિકાસ કઈ રીતે થઈ શકે, સર્વાગી વિકાસ, એકાંકી વિકાસ નહી, વિકૃતિ કહેવાય, વિકાસ નહી, યુનિવર્સિટીનો એકાંગી વિકાસ ન થાય, પાંજરા જોઈએ, પક્ષી પણ જોઈએ, યુનિવર્સિટી વિચારી રહી છે. બધાનો સાથ લઈને વિચારી રહી છે યુજીસી એ હિંદી વિભાગ આપ્યો છે, યુનિવર્સિટી ઉપર શ્રધ્ધાનો વિષય છે. હિંદી વિભાગ માટે એક કરોડની માતબર ગ્રાંટ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભી કરવા ફાળવી છે. ગુજરાતી માતૃભાષા વિભાગ શરૂ કરવા માટે બે થી અઢી કરોડનું દાન લઈ આવી છે અને શરૂ થઈ ગયો છે. રાષ્ટ્રભાષાનો વિભાગ મળ્યો છે. તેજ રીતે સંસ્કૃત વિભાગ યુનિવર્સિટીમાં કેવી રીતે કાર્યરત થાય તેની પ્રપોઝલ અંગેનું કામ યુનિવર્સિટીએ શરૂ કરી દીધું છે. પ્રપોઝલ મોકલી દઈશું. એલએલબી ઈન્ટીગ્રેટેડ ફાઈવ ઈયર કોર્ષ લાવ્યા છીએ.

શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. આપણે ગંભીરતાથી વિચારી લેવું જોઈએ કે આગામી ૨૦૪૦ના વર્ષમાં આપણી યુનિવર્સિટી કેવી હશે તે અંગેનું ધ્યાન રાખી એક પ્રેઝન્ટેશન જેવું રાખવું જોઈએ.

ઉત્તર :૧. ઝડપથી આ દિશામાં વિચારી શકાય.

આ.ડૉ.વિપિનકુમાર ડી. નાયકે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. હિંદી, સંસ્કૃત, ગુજરાતી અંગે પ્રયાસ સાથે પાંચ વર્ષથી ઉભા થયેલા કોમર્સ ભવન અંગે વિચારવું જોઈએ, કોમર્સ ભવન માટે પ્લાન પ્રપોઝલ મૂકવો જોઈએ, કોમર્સ ભવન માટે કોઈ જ એપોઈન્ટમેન્ટ નથી કરી?

ઉત્તર :૧. યુજીસીમાં કોમર્સ ભવનની પ્રપોઝલ મોકલી દીધેલી છે.

શ્રી કમલેશ એમ. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. કાનૂની વિદ્યાભવન માટે આયોજન છે?

ઉત્તર :૧. સિન્ડિકેટમાં પાસ થઈ ગયું છે, થોડા દિવસોમાં બાંધકામ કરી રહ્યા છીએ.

આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. રમતગમત વિભાગનું શું આયોજન છે?

ઉત્તર :૧. હાજી, રમતગમત મંત્રીશ્રી સાથે ચર્ચા વિચારણા થઈ છે. રૂા.અઢી કરોડ આપવાનું કહ્યું હતું પણ રૂા.છેલ્લામાં છેલ્લી વિગત મુજબ અઢી કરોડ નહીં પરંતુ રૂા.૧૦ કરોડની માતબર રકમ યુનિવર્સિટીને ફાળવી રહ્યા છે. ૧૦ કરોડ સરકાર આપે તો પાંચ કરોડ યુનિવર્સિટી ખર્ચે એવી શરતે.

ડૉ. એસ. શ્રીનિવાસ રાવે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. યુનિવર્સિટીમાં હિન્દી વિભાગ તથા સંસ્કૃત વિભાગ શરૂ થનાર છે, સારી વાત છે પણ પાંચ વર્ષ પછી રાજય સરકારશ્રી ગ્રાંટ ફાળવે તેનું ધ્યાન રાખવુ પડશે.

ઉત્તર :૧. આ બાબતે રાજય સરકારશ્રી સાથે પત્રવ્યવહાર કરવામાં આવશે.

શ્રી ધર્મેશભાઈ પી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૪. વર્ષ ૨૦૧૨થી હાલ સુધીમાં સેનેટના સદસ્ય હોય એવા કોઈ પણ VNSGU સેનેટ સભ્ય/ સિન્ડિકેટ સભ્યને રાજય કે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે? જો ' હા ' તો કયા સભ્યને કયારે અને કયા પુરસ્કારથી સન્માનિત કરેલ છે?

ઉત્તરઃ ૧૪. યુનિવર્સિટી કાર્યાલય પાસે હાલ આ અંગેની કોઈ અધિકૃત માહિતિ ઉપલબ્ધ નથી.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૫. (અ) આપણી યુનિવર્સિટીમાં કેમ્પસમાં ભાડાની દુકાન કયા શરતોએ આપવામાં આવેલ છે.

(a) આ દુકાનોમાં શરતોનું પાલન ના કરવાથી કયા પ્રકારના દંડની જોગવાય છે.

(b) જે શરતે દુકાન રાખેલ છે તે દુકાન અન્ય વસ્તુમાં ઉપયોગ કરે તો કેવા પગલા ભરવા.

(c) ઈંડા – વેજમાં આવે કે નોનવેજમાં આવે અને ઈંડા વેચવાની પરમીશન યુનિવર્સિટી દ્વારા દુકાનોમાં કોઈ દુકાનદારને આપવામાં આવેલ છે.

(d) જો ઈંડા વેચતા હોય તો યુનિવર્સિટી કયા પગલા ભરશે.

ઉત્ત૨ઃ ૧૫. (અ) કેમ્પસમાં ભાડાની દુકાન ૧૧ માસના ભાડાથી તથા અલગ અલગ શરતોની આધિન આપવામાં આવેલ છે.

(a) દુકાનો ફાળવણી માટેની શરતો પાલન ન કરવામાં આવે તો દુકાન ખાલી કરાવી શકાય છે અન્યથા ડિપોઝીટ જપ્ત કરી શકાય છે.

(b) શરતોનું પાલન ન કરનારને દુકાન ખાલી કરાવી શકાય છે અન્યથા ડિપોઝીટ જપ્ત કરી શકાય.

(c)
(d) } **Statute : 36 (2) (i) (c)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્નઃ ૧. દુકાનો જે આપણી યુનિવર્સિટીના પ્રિમાઈસીસમાં ભાડે આપવામાં આવી છે તે સાંજે કેટલા વાગ્યા સુધી ચાલુ રાખી શકે? કેટલાં વાગ્યે બંધ કરાય છે? સરકારી નિયમ મુજબ રાત્રે ૧૦–૩૦ સુધી. ઈંડાની દુકાન જયાં ચલાવવામાં આવી રહી છે ત્યાં ફોર વ્હીલરમાં ૨૫ થી ૩૦ માણસોનું ટોળું બેસીને આવતું હોય છે અને ત્યાં દારૂનું સેવન કરવામાં આવતું હોય છે.

ઉત્ત૨ :૧. આ અંગે તૂર્તજ તમે ફરિયાદ કરી હોત તો પોલિસ બોલાવી દેત, આવી બાબતો યુનિવર્સિટી બિલકુલ ચલાવી લે તેમ નથી અને આવી બાબતો અંગે કોઈપણ બાંધછોડ ન કરી શકાય. સિન્ડિકેટેમાં મંજૂર કરાવીને દુકાન ભાડે આપી છે. પાસ કરેલ છે તેના નિયમોનુસાર આપીએ છીએ. ખાસ કરીને દુકાનો બનાવવા પાછળનો ઉદ્દેશ એ છે કે કેટલાંક વિદ્યાર્થીઓ કે જેઓ હોસ્ટેલમાં રહેતાં હોય છે તેઓને ઝેરોક્ષ જેવા અન્ય કામો માટે બહાર જવું પડતું હોય છે એટલે એમની સુવિધા ખાતર ફાળવવામાં આવી છે.

પ્રશ્ન :૨. દુકાનોમાં ઈંડા વેચવાની પરમીશન આપી છે?

ઉત્ત૨ :૨. નાજી, આપણે ઈંડાની પરમીશન નથી આપી.

પ્રશ્ન :૩. બહાર નોનવેજ એક પ્લેટ ના રૂા.૨૫૦ થી ૩૦૦ લેવામાં આવે છે?

ઉત્ત૨ :૩. સારુ પણ હોય અને સસ્તુ પણ હોય એ વિશે વિચારીએ અને સિન્ડિકેટમાં વિચારીશું.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા હતા?

પ્રશ્નઃ ૧. દુકાનો કયારે ભાડે આપવામાં આવી હતી અને તે માટે કોઈ સત્તામંડળની પરવાનગી લેવામાં આવી છે?

ઉત્ત૨ :૧. દુકાનો ભાડે આપવા યુનિવર્સિટીની ઉચ્ચ સત્તામંડળ સિન્ડિકેટની પરવાનગી લેવામાં આવી છે કારણ કે વિદ્યાર્થીઓને દુર દુર જવું ન પડે વિદ્યાર્થીઓની સગવડતા ખાતર ભાડે આપવામાં આવી છે.

પ્રશ્નઃ ૨. આ દુકાનોમાં નોનવેજ બનાવવાની પરવાનગી આપી છે?

ઉત્તર :૨. નોનવેજ બનાવવાની પરવાનગી આપવામાં આવી નથી, પરંતુ વિદેશી વિદ્યાર્થીઓને ભારતીય ફુડ ફાવતું ન હોય એટલે આવા વિદ્યાર્થીઓ માટે વિચારણા કરવી પડશે.

ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. વિદેશી વિદ્યાર્થીઓ ભણે છે તેઓ શાકાહારી સિવાયનો નોનવેજ ખોરાક ફાવતો હોય છે તો તે અંગે યુનિવર્સિટીએ વિચાર્યુ છે?

ઉત્તર :૧. હાજી, યુનિવર્સિટી તે અંગે વિચારી રહી છે.

શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. દુકાનો ભાડે આપી છે કે ખુલ્લી જમીન ભાડે આપી છે? દુકાનથી લઈને આગળના ભાગે શેડ બનાવ્યો છે. આ શેડ ગેરકાયદે છે તે કેટલા સમયમાં તુટી જશે?

ઉત્તર :૧. આપણે નોટિસ આપીશું.

શ્રી સંજયકુમાર આઈ. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્નઃ ૧. શેડ નાંખવામાં આવ્યા છે તે ગૂનો ગણાય?

ઉત્તર :૧. જો પાકા શેડ બનાવવામાં આવ્યા હશે તો તોડી નાંખવામાં આવશે.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૬. (અ) ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.નું કેન્દ્ર આપણી યુનિ.ના પ્રતિષ્ઠાન ખાતે કાર્યરત છે? જો પ્રશ્નનો ઉત્તર ' હા ' હોય તો કેટલા સમયથી કાર્યરત છે? વિગત આપશો.

(a) ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.નું કેન્દ્ર આપણી યુનિ. ખાતે શરૂ કરવા બાબત કોઈ પણ પ્રકારનો કરાર કે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે? વિગત આપશો.

(b) ઉપરોકત પ્રશ્ન (અ)માં જણાવેલ બાબતના કરાર કે એમ.ઓ.યુ.ની નકલ આપશો.

(c) ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.ને ફાળવવામાં આવેલ મકાનની ફાળવણીનો નિર્ણય કયા અધિકાર મંડળ દ્વારા લેવામાં આવેલ છે તેની વિગત આપશો.

ઉત્તર: ૧૬. (અ) હાજી. ૨૦૧૨થી કાર્યરત છે.

(a) નાજી.

(b) ઉપરોકત (a)નો ઉત્તર જોતા ઉત્તર આપવાનો રહેતો નથી.

(c) માનનીય કુલપતિશ્રીની મંજૂરી અનુસાર.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને વર્ષ ૨૦૧૨ની સાલમાં યુનિવર્સિટીએ જગ્યા ફાળવી છે, કુલપતિશ્રીએ માન્યતા આપી છે તે કયા નિયમને આધારે?

ઉત્તર :૧. યુનિવર્સિટીમાં ગરીબ વિદ્યાર્થીઓ આવે છે, એસ.સી./એસ.ટી./દલીત–છેવાડાના વિદ્યાર્થીઓ રૂબરૂમાં વિનંતી કરવા આવ્યા હતા કે અમારે ડિસ્ટન્સ લર્નિંગ અભ્યાસ કરવો છે. ફોર્મ ભરવા માટે અમદાવાદ જવું પડે છે. વિદ્યાર્થીઓના હિતમાં માળખુ ઉભું કરવાની વાત કરી, યુનિવર્સિટીમાં ખંડેર જેવી પડેલ જગ્યાને રીનોવેટ કરીને આર્થિક ભારણ વિદ્યાર્થીને ન પડે એ શુભ આશયથી આપણે ત્યાં નાનું માળખું ઉભુ કર્યુ છે. ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી આપણી યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કરવા જઈ રહી છે. એમના વાઈસ ચાન્સેલર સાથે પત્ર વ્યવહાર થઈ રહ્યો છે. આપણાં પ્રદેશના વિદ્યાર્થીઓને ઓછા ખર્ચે લાભ મળતો હોય તો તે મોટી સેવા છે. એ પ્રકારે સ્થાપના કરી છે.

પ્રશ્ન :૨. એમ. ટી. બી. કોલેજમાં ૧૦ કેન્દ્રો છે.

ઉત્તર :૨. એ માહિતી કેન્દ્ર છે. માત્ર માહિતી આપે છે. યુનિવર્સિટીના કોઈ માણસ નથી. આપણે ત્યાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કેન્દ્રમાં કર્મચારીની નિયુકતિ કરવામાં આવી છે.

શ્રી પરેશ રમેશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો હતો?

પ્રશ્ન :૧. આપણી યુનિવર્સિટી કેમ્પસમાં બે હોસ્ટેલો બની રહી છે, પણ સંપૂર્ણ કબજો ગવર્મેન્ટ ઓફ ગુજરાત પાસે રહેવાનો આ મુદ્દાઓ ઉપર ગંભીરતાથી વિચાર કરવામાં આવે?

ઉત્તર :૧. આપણાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળવાનો જ છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપણાં વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા માટે આ પ્રકારની સમરસ હોસ્ટેલ બનાવવાની યોજના હતી.

આ તબકકે સ્ટેટયૂટ(૩૬)(૧)ની જોગવાઈ અન્વયે પ્રશ્નોત્તરી માટેનો એક કલાકનો સમય પૂરો થતાં નીચેના પ્રશ્નો (૧૭ થી ૧૨૨) વિચારણામાં લઈ શકાયા ન હતા.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૭. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ **2012-2013, 2013-2014, 2014-2015** ના વર્ષમાં **M.Phil, Ph.D.**માં કેટલા પ્રવેશ ફાળવવામાં આવ્યા.

ઉત્તરઃ ૧૭. યુનિવર્સિટીમાં વર્ષવાર M.Phil, Ph.D.માં ફાળવવામાં આવેલ પ્રવેશની વિગત નીચે મુજબ છે.

વર્ષ	M.Phil	Ph.D.
૨૦૧૨–૧૩	NIL	358
૨૦૧૩–૧૪	421	340
૨૦૧૪–૧૫	262	230

.

શ્રી સંજયકુમાર આઈ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૮.

(A) આગામી વર્ષમાં યુનિવર્સિટીને દાનમાં મળેલ (પોંસરા મુકામે / જમીનમાં) Holistic health – આયુર્વેદ / નેચરોપથીનો કોઈ ડિગ્રી અભ્યાસક્રમ યુનિવર્સિટી ચાલુ કરવા માંગે છે કે કેમ?

(B) તે અંગે કોઈ સિલેબસ તૈયાર કરેલ છે કે કેમ?

(C) સદર જમીન યુનિવર્સિટીના નામ ઉપર થઈ ગઈ છે કે કેમ?

ઉત્તરઃ ૧૮.

(A) હાજી.

(B) હાજી.

(C) કાર્યવાહી ચાલુ છે.

ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૯. યુનિવર્સિટીને રાજય સરકાર દ્વારા વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય એની માહિતી આપશો.

ઉત્તરઃ ૧૯. રાજય સરકાર દ્વારા ૨૦૧૪–૧૫ અંતર્ગત યુનિવર્સિટીના વિવિધ ભવનોના નવિનિકરણ માટે રૂા.૩,૭૫,૦૦,૦૦૦/– તથા નાટયપર્વ માટે રૂા.૩,૦૦,૦૦૦/– નું વધારાનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

ડૉ.કિરણ એમ. પંડયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૦. (i) યુનિવર્સિટી કેમ્પસમાં હાલ કેટલા અભ્યાસક્રમો ચાલે છે? ડિપાર્ટમેન્ટ વાઈઝ માહિતી આપશો.

(ii) છેલ્લા ત્રણ વર્ષમાં યુનિવર્સિટી કેમ્પસમાં કુલ કેટલા અભ્યાસક્રમો શરૂ થયા?

(iii) યુનિવર્સિટીમાં કુલ કેટલા ડિપ્લોમા કોર્સ ચાલે છે? વિગતવાર માહિતી આપશો.

(iv) યુનિવર્સિટીમાં કુલ કેટલા સર્ટિફિકેટ કોર્સ ચાલે છે? વિગતવાર માહિતી આપશો.

ઉત્તરઃ ૨૦. (i) યુનિવર્સિટી કેમ્પસ ખાતે હાલ ૯૫ કોર્ષ ચાલે છે જેની માહિતી નીચે મુજબ છે.

SR. NO.	UNIVERSITY DEPARTMENT/CENTER	PROGRAMMES OFFERED
1	Aquatic Biology	M.Sc. - Aquatic Biology M.Phil., Ph.D.
2	Bio-Sciences	M.Sc. - Bio-Sciences (Animal / Plant / Microbiology) M.Sc. - Microbiology (SF) M.Phil., Ph.D.
3	Bio Technology	M.Sc. -Biotechnology (5 Years Integrated course) (SF)
4	Chemistry	M.Sc.- Chemistry (Organic/Inorganic/Physical/Analytical) M.Sc. - Industrial Chemistry M.Sc. - Pharmaceutical Chemistry (SF) M.Sc. - Environmental Chemistry (SF) M.Sc. - Organic Chemistry (Evening) M.Phil., Ph.D.
5	Commerce	M.Com. - Financial & Management Accountancy (SF) M.Phil., Ph.D.
6	Comparative Literature	M.A. - Comparative Literature M.A. - Hindi M.Phil., Ph.D.
7	Computer Science	M.C.A. - Computer Application (GIA + SF) P.G. Diploma in Computer Application (SF) (Full / Part Time) M.Phil., Ph.D.
8	Economics	M.A. - Economics M.Phil., Ph.D.
9	Education	M.Ed. - Education (GIA + SF) M.Phil., Ph.D.
10	English	M.A. - English M.Phil., Ph.D.
11	G. H. Bhakta Management Academy Department of Business and Industrial Management (DBIM)	M.B.A. - Business Administration (GIA + SF) M.B.A. (Evening) - Business Administration M.Phil., Ph.D.

12	Gujarati	M.A. - Gujarati Certificate Course in Creative Writing Certificate Course in Proof Reading M.Phil., Ph.D.
13	Human Resource Development	M.H.R.D. - Human Resource Development M.L.W. - Labour Welfare (SF) P.G. Diploma in Research Methodology PG Diploma in HRM (SF) PG Diploma in Corporate Legal Management (SF) PG Diploma in Corporate Governance (SF) PG Diploma in Corporate Social Responsibility (SF) PG Diploma in Training & Development (SF) Advance Certificate course in SPSS (SF) Certificate course in SPSS (SF) Certificate course in Research Methodology M.Phil., Ph.D.
14	J.P. Dawar Institute of Information Science & Technology	M.Sc. - Information Technology (SF) (5 Years Integrated course) M.Sc. - Information Communication Technology (SF)
15	Law	LL.M. - Human Rights Group (SF) B.Com.LL.B. (4 years integrated course) (SF)
16	Library Science	M.L.I.Sc. – Library and Information Science (Regular) (SF) M.L.I.Sc. – Library and Information Science (Part Time) (SF) B.L.I.Sc. - Library and Information Science (Part Time) (SF) M.Phil., Ph.D.
17	Mathematics	M.Sc. – Mathematics M.Phil., Ph.D.
18	Physics	M.Sc. – Physics (Electronics / Theoretical / Material Science) M.Sc. – Electronics M.Phil., Ph.D.
19	Public Administration	M.P.A. - Public Administration M.P.A. - Public Administration (Part Time) (SF) M.Phil., Ph.D.
20	Rural Studies	M.R.S. - Rural Studies M.Phil., Ph.D.
21	Shri Gijubhai Chhaganbhai Patel Institute & Architecture, Interior Design & Fine Arts	Bachelor of Architecture (SF) Bachelor of Interior Design (SF) Bachelor of Fine Arts (SF)

22	Shri P. R. Institute of Journalism	M.A. - Mass Communication P.G. Diploma in Journalism
23	Sociology	M.A. - Sociology M.S.W. - Social Work (SF) M.Phil., Ph.D.
24	Statistics	M.Sc. - Statistics M.Sc. - Applied Statistics (SF) M.Phil., Ph.D.
25	University Science Instrumentation Centre (USIC)	M.Sc. (Tech.) in Instrumentation (SF) P.G. Diploma in Instrumentation (SF)

(ii) છેલ્લા ત્રણ વર્ષમાં યુનિવર્સિટી કેમ્પસમાં નીચે મુજબના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૨–૧૩

Sr.no	Faculty	Course Name
1	Law	LL.M Human Rights Law Group

વર્ષ ૨૦૧૩–૧૪

Sr.no	Faculty		Course Name
1	Arts	1	Post Graduate Diploma in Corporate Legal Management
		2	Post Graduate Diploma in Training and Development
		3	Post Graduate Diploma in Human Resources Management
		4	Post Graduate Diploma in Corporate Governance
2	Law		B.Com.LL.B. Integrated Course

વર્ષ ૨૦૧૪–૧૫

Sr.no	Faculty		Course Name
1	Arts	1	Advance Certificate Course in SPSS
		2	Certificate Course in SPSS
		3	Certificate Course in Research Methodology
		4	Certificate Course in Proof Reading

(iii) યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૯ (નવ) ડીપ્લોમાં કોર્ષીષ ચાલે છે તેની માહિતી નીચે મુજબ છે.

SR. NO.	UNIVERSITY DEPARTMENT/CENTER	PROGRAMMES OFFERED
1	Computer Science	P.G. Diploma in Computer Application (SF) (Full / Part Time)
2	Human Resource Development	P.G. Diploma in Research Methodology PG Diploma in HRM (SF) PG Diploma in Corporate Legal Management (SF) PG Diploma in Corporate Governance (SF) PG Diploma in Corporate Social Responsibility (SF) PG Diploma in Training & Development (SF)
3	Shri P. R. Institute of Journalism	P.G. Diploma in Journalism
4	University Science Instrumentation Centre (USIC)	P.G. Diploma in Instrumentation (SF)

(iv) યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૫ (પાંચ) સર્ટિફીકેટ કોર્સ ચાલે છે તેની માહિતી નીચે મુજબ છે.

SR. NO.	UNIVERSITY DEPARTMENT/CENTER	PROGRAMMES OFFERED
1	Gujarati	Certificate Course in Creative Writing Certificate Course in Proof Reading
2	Human Resource Development	Advance Certificate course in SPSS (SF) Certificate course in SPSS (SF) Certificate course in Research Methodology

આ.ડૉ.જયંતીકુમાર એમ. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન આપણી યુનિવર્સિટીને વિવિધ દાતાઓ પાસેથી વિવિધ હેતુઓ માટે કેટલું દાન મળ્યું છે તે જણાવશો.

ઉત્તરઃ ૨૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન આપણી યુનિવર્સિટીને વિવિધ દાતાઓ પાસેથી વિવિધ હેતુઓ માટે રૂા.૮૬,૫૧,૦૦૦/– નું દાન મળ્યું છે. યુનિવર્સિટી ગ્રંથાલય માટે વિવિધ ૪૫ દાતાશ્રીઓ પાસેથી રૂા.૧,૮૯,૫૪૭નાં ૪૮૩ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

ડૉ.કે. સી. પોરીયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૨. યુનિવર્સિટીમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યાઓ કેટલી ખાલી છે? તે ભરવા અંગે કયા પગલા લેવામાં આવેલ છે?

ઉત્તરઃ ૨૨. શૈક્ષણિક –૬૬ તેમજ બિનશૈક્ષણિક ૧૧૫ જગ્યાઓ ખાલી છે જેને ભરવા માટે રાજય સરકારશ્રી સાથે નિયમિતપણે પત્રવ્યવહાર તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવે છે.

ડૉ.રાકેશ એન. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૩. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસને આધુનિક સગવડો તથા કાયમી કર્મચારીગણથી સજજ કરવા અંગે કયા જરૂરી પગલા લેવાયા છે?

ઉત્તરઃ ૨૩. હાલમાં ગેસ્ટહાઉસમાં આઠ જેટલાં એ.સી. લગાડવામાં આવેલ છે અને બે એલસીડી ટી.વી., ફ્રીઝ મૂકવામાં આવેલ છે. ગેસ્ટહાઉસના તમામ રૂમોમાં ઈલેકટ્રીક ગીઝર લગાડવામાં આવેલ છે. કાયમી કર્મચારીગણ તરીકે ખાનસમા કાર્યરત છે તથા જરૂરી અન્ય સગવડો ઉભી કરવામાં આવશે.

ડૉ.રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૪. (i) યુનિવર્સિટીના વિવિધ ડિપાર્ટમેન્ટોમાં ગયા વર્ષે કેટલી કોન્ફરન્સ અને સેમિનારો યોજવામાં આવ્યા હતા?

(ii) એમાં રાજય કક્ષાના, રાષ્ટ્રીય કક્ષાના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કેટલા હતા?

ઉત્તરઃ ૨૪. માહિતી નીચે મુજબ છે.

(i) એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી ખાતે તા. ૨/૩/૨૦૧૪ના રોજ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટીસ્ટીકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીના સંયુકત ઉપકમે એક દિવસીય આંકડાશાસ્ત્રનો રાજયકક્ષાનો સેમિનારનું આયોજન કરેલ હતું.

(ii) ૧ – રાજયકક્ષા.

(સ્ટેટીસ્ટીકસ ડિપાર્ટમેન્ટ)

(i) (૧) ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ડિરેકટોરેટ ઓફ સેન્સસ ઓપરેસન્સ, ગાંધીનગર, ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. ૫–૯–૨૦૧૪ના રોજ એક દિવસીય વર્કશોપ "ડીસસેમીનેશન ઓન સેન્સસ ૨૦૧૧ ડેટા" નું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨) ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ધ્વારા યુજીસી સપોર્ટેડ ત્રિદિવસીય વર્કશોપ ઓન "ડેટા એનાલીસીસ ફોર સોશ્યલ સાયન્સીસ"નું આયોજન તા.૧૪–૧૬ ઓકટોબર, ૨૦૧૪ દરમિયાન કરવામાં આવ્યું હતું.

(૩) ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ધ્વારા યુજીસી સપોર્ટેડ એક દિવસીય સેમિનાર ઓન "લીગલ લીટરસી ફોર વિમેન ઈન સાઉથ ગુજરાત"નું આયોજન તા.૨૦–૧–૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

(ઈકોનોમિકસ ડિપાર્ટમેન્ટ)

(i) બાયોસાયન્સીસ ડિપાર્ટમેન્ટમાં તા.૧૧–૧૦–૨૦૧૪ના રોજ **UGC-SAP Sponsored "Biological Tools for Sustainable Environment"** વિષય ઉપર નેશનલ કોન્ફરન્સ યોજવામાં આવેલ હતું.

(બાયોસાયન્સીસ ડિપાર્ટમેન્ટ)

(i) વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૨ જેટલા સેમિનારો ગુજરાતી વિભાગમાં યોજાયેલ હતા.

(ii) ૩ - રાષ્ટ્રીય કક્ષાના, ૯ - રાજય કક્ષાના

(ગુજરાતી ડિપાર્ટમેન્ટ)

(i) અને (ii) અંગ્રેજી ડિપાર્ટમેન્ટના ગયા વર્ષના કોન્ફરન્સ અને સેમિનાર અને તેની કક્ષાઃ

૨૦૧૩–૧૪ વર્કશોપ (૫ દિવસ) રાષ્ટ્રીય કક્ષા,
૨૦૧૪–૧૫ યુ.જી. સી. સેમિનાર (૨ દિવસ) રાષ્ટ્રીય કક્ષા,

(અંગ્રેજી ડિપાર્ટમેન્ટ)

ડૉ.જગદીશકુમાર એમ. ગુર્જરે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૫. રચનાત્મક કૌશલ્યો વિકસાવવાને માટે યુનિવર્સિટી દ્વારા વિશેષ પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરવા માટે શું આયોજન છે?

ઉત્તરઃ ૨૫. યુનિવર્સિટી દ્વારા આવશ્યકતા તથા અગત્યાનુક્રમ વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. ગુજરાતી વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૪થી સર્જનાત્મક લેખન અને પ્રુફરીડીગના સર્ટીફીકેટ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે.

આ.ડૉ.ભાવિનકુમાર આર. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૬. વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન રાજય સરકાર ધ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં સંગીત મહોત્સવ, નાટય મહોત્સવ કે અન્ય મહોત્સવનું આયોજન કરવા આવેલ છે કે કેમ? મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હોય તો તેની વિગત.

ઉત્તરઃ ૨૬. હાજી.

(b) બોર્ડ ઓફ એકાઉન્ટના ચેરમેનની નિયુકિત પહેલા મીટિંગ બોલાવવાની જવાબદારી કોની?

(c) યુનિવર્સિટીના એકટ, સ્ટેચ્યૂટ, ઓર્ડિનન્સ તથા રૂલ્સ અને રેગ્યુલેશનના અમલ કરાવવાની જવાબદારી કોની?

(d) યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ મુજબ બોર્ડ ઓફ એકાઉન્ટની કેટલી મીટિંગ બોલાવવાની જોગવાઈ છે? તથા આ જોગવાઈ પ્રમાણે આ વર્ષની બોર્ડ ઓફ એકાઉન્ટની મીટિંગ બોલાવામાં આવી છે? વિગત આપશો.

ઉત્તરઃ ૬૫. (અ) બોર્ડ ઓફ એકાઉન્ટની ચાલુ વર્ષની રચના કાર્યાલયના તા. ૨૨/૦૫/૨૦૧૪ના જાહેરનામાથી થયેલ હતી. તેમના ચેરમેનની નિયુકિત બોર્ડ ઓફ એકાઉન્ટની પ્રથમ મીટિંગમાં કરવામાં આવેલ હતી. ચેરમેનની નિયુકિત બાદ તા.૯/૦૧/૧૫, તા.૨૧/૦૧/૨૦૧૫ તથા તા.૩૦/૧/૨૦૧૫ ના રોજ મીટિંગનું આયોજન થયેલ હતું.

(a) સ્ટેચ્યુટ – ૧૯૮ની જોગવાઈ મુજબ.

(b) બોર્ડ ઓફ એકાઉન્ટના ચેરમેનની નિયુકિત પહેલા મીટિંગ બોલાવવાની જવાબદારી કાર્યાલયની રહે છે.

(c) યુનિવર્સિટી ધારાની કલમ ૧૧ (૩) તથા અન્ય જોગવાઈ મુજબ.

(d) યુનિવર્સિટીના સ્ટેચ્યુટ–૧૯૮ મુજબ બોર્ડ ઓફ એકાઉન્ટની સભા સામાન્ય રીતે દર ત્રણ મહિને બોલાવવાની જોગવાઈ છે તથા આ વર્ષની બોર્ડ ઓફ એકાઉન્ટની મીટિંગ તા.૧૭/૧૦/ ૨૦૧૪, તા.૯/૦૧/૨૦૧૫, તા.૨૧/૦૧/૨૦૧૫, તથા તા.૩૦/ ૦૧/ ૨૦૧૫ના રોજ યોજાય હતી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૬. યુનિવર્સિટી દ્વારા **M.Phil.** અને **Ph.D.**ના પ્રવેશ માટે યુ.જી.સી. કે રાજય સરકારના અનામતધારાનો અમલ કરવામાં આવે છે?

ઉત્તરઃ ૬૬. હાજી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૭. (અ) શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના નવા/ ચાલુ જોડાણની એફિલિએશન ફીની આવક કેટલી.

ઉત્તરઃ ૬૭. (અ) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના નવા/ ચાલુ જોડાણની એફિલિએશન ફીની આવક શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રૂા.૫,૦૬,૯૮,૧૮૫/– અને વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન રૂા.૫,૬૩, ૯૭,૧૪૦/– છે.

શ્રી ધર્મેશભાઈ પી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૮. VNSGUના બિનવહીવટી માળખામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા કર્મચારીની જગ્યા સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે? કયા?

ઉત્તરઃ ૬૮. યુનિવર્સિટીને કુલ ૨૬ શૈક્ષણિક જગ્યાઓ માટે મંજૂરી આપવામાં આવેલ છે.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૯. (A) ૧૨મી પંચવર્ષીય યોજનાની પ્રપોઝલ કુલપતિશ્રીએ ૧૧/૪નો ઉપયોગ કરી મંજૂર કરેલી છે એ વાત સાચી છે કે ખોટી?

(a) ૧૨મી પંચવર્ષીય યોજનાની પ્રપોઝલ એકેડેમિક કાઉન્સિલમાં મંજૂર કરવાની હોય છે ખરી અને ' હા ' હોય તો ૧૨મી પંચવર્ષીય યોજનાની પ્રપોઝલ એકેડેમિક કાઉન્સિલમાં મંજુર કરેલ છે. ' હા ' કે ' ના 'માં જવાબ આપવો.

(b) ૧૨મી પંચવર્ષીય યોજનાની પ્રપોઝલ સિન્ડિકેટમાં મંજુર કરવાની હોય છે ખરી અને 'હા' હોય તો સિન્ડિકેટમાં માત્ર પગલાંની નોંધ કેમ એના કારણો જણાવો.

(c) ૧૨મી પંચવર્ષીય યોજનાની પ્રપોઝલ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ સભામાં માત્ર પગલાની નોંધ લીધેલ છે. એ વાત સાચી કે ખોટી?

ઉત્તરઃ ૬૯. (A) સાચી.

(a) હાજી.

(b) હાજી, સમય મર્યાદામાં યુજીસીને મોકલવાની હોવાથી.

(c) સાચી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૦. (અ) યુનિવર્સિટીમાં કમિટિ બનાવવાની સત્તા કોની છે?

(a) વાઈસ ચાન્સેલર પાસે યુનિવર્સિટીમાં કમિટિ બનાવવાની સત્તા છે? જો ' હા ' તો કયા નિયમોને આધીનસ્થ? વિગત આપશો.

(b) વર્ષ ૨૦૧૧–૧૨, વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન વિવિધ અધિકાર મંડળ દ્વારા કઈ કઈ કમિટિ નીમવામાં આવેલ છે તેની સભ્યસહિત યાદીની વિગત આપશો.

(c) વર્ષ ૨૦૧૧–૧૨, વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કુલપતિશ્રી દ્વારા કઈ કઈ કમિટિ નીમવામાં આવેલ છે તેની સભ્યસહિત યાદીની વિગત આપશો.

(d) ઉપરોકત પ્રશ્ન (b) તથા (c)માં જણાવેલ કઈ કમિટિના અહેવાલો યુનિ.ને સુપરત થયેલ નથી તેની વિગત આપશો.

ઉત્તરઃ ૭૦. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૧. યુનિવર્સિટી દ્વારા સરકારી નિયમ મુજબ અનામત નીતિનો અમલ **M.Phil.** અને **Ph.D.**માં કરવામાં આવે છે?

ઉત્તરઃ ૭૧. એમ.ફિલ.માં રાજય સરકારના અનામત નીતિનો તથા ચાલુ વર્ષે પીએચ.ડી.માં તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક પ્રવેશની બેઠકોની ફાળવણીના પત્રક **Roster** મુજબ પ્રવેશની કાર્યવાહી કરવામાં આવેલ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૨. (અ) વર્ષ–૨૦૦૭થી અમલમા આવેલ સ્ટુડન્ટ યુનિયનના બંધારણની કલમ–૧૩ અન્વયે યુનિવર્સિટી સ્ટુડન્ટ કાઉન્સિલ બનાવવાની જોગવાઈ છે?

(બ) આપણી યુનિવર્સિટીમા તેનું પાલન થાય છે?

(ક) જો પાલન થતું ન હોય તો તેના માટે કોણ જવાબદાર છે?

(ડ) હવે પછી આ જોગવાઈનું પાલન કરવાના છો?

ઉત્તરઃ ૭૨. (અ) હાજી.

(બ) સને ૧૯૯૦ સુધી યુનિવર્સિટી સ્ટુડન્ટ કાઉન્સિલ કાર્યરત હતી ત્યાર બાદ સ્થગિત છે.

(ક) Statute : 36 (2) (i) (c) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

(ડ) જે તે અધિકાર મંડળો દ્વારા નકકી થયા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ધર્મેશભાઈ પી. શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૩. VNSGU અંતર્ગત NCC યુનિટ કાર્યરત છે? કોલેજ અથવા ડિપાર્ટ. સ્તરે? જો હા તો કયાં– કયાં?

ઉત્તરઃ ૭૩. ના જી, કોલેજ સ્તરે હા જી, જેની માહિતી નીચે મુજબ છે.

The Following colleges are running the N.C.C Classes at their Campus

1. Evening Commerce College, K.P. Campus, Surat
2. ShriSurat Jilla Sahkari bank commerce college, Olpad
3. Sarkari Viniyan ane Vanijya College, Vaasda
4. H. R. Shah Mahila arts & commerce college, Navsari
5. Shri Vanraj arts & commerce college, Dharampur
6. B. J. Patel college of B.C.A. Bardoli
7. A. V. Patel commerce college, Billimora
8. Mangal Bharti Lokshikshan & Krushi Mahavidyalay, Golagamdi
9. Government Science College, Chikhli
10. J. B. Dharukawala Mahila arts College, Surat
11. Vimal Tormal Poddar College of management studies, B.B.A, Surat
12. Shri Mahavir Institute of Computer & Info. Tech. B.C.A, Surat
13. Smt. C.D.Jobalia Rofel arts and comm.. college, Vapi
14. Shah Narottamdas Harjivandas Comm. College, Valsad
15. Govt. arts and commerce college, Khergam
16. Akhand Anand Arts and commerce college, Surat
17. Shri E.E. Laher kosadia comm. college, Chikhli
18. Navyug Science college, Surat
19. B. P. Baria science institute, Navsari
20. R.S.S. Shri Morarji Desai arts and commerce college, Buhari
21. Shri Chotubhai Purani digree college of physical edu. Rajpipla
22. SD Jain International college, Surat
23. Z. F. Wadia women's and N.K. Jhota college of commerce, Surat
24. Shri S.G.Patel arts and Shri P. K. Desai Commerce College, Nizar
25. Shri SD Jain Internationa college, Surat
26. Z. F. Wadia women's and N. K. Jhota commerce college, Surat
27. Shri S.G. Patel arts & Shri P. K. Desai Commerce college, Nizar

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૪. (અ) યુનિ.ના સ્ટેચ્યુટ ૨૨૯ યુનિ.ની સ્થાપના કાળથી કેટલી વાર સુધારવામાં આવ્યા છે તેની વિગત આપશો.

(a) યુનિ.ના સ્ટેચ્યૂટ ૧૦૬ યુનિ.ની સ્થાપના કાળથી કેટલી વાર સુધારવામાં આવ્યા છે તેની વિગત આપશો.

(b) યુનિ.ના સ્ટેચ્યૂટ ૧૧૯ યુનિ.ની સ્થાપના કાળથી કેટલી વાર સુધારવામાં આવ્યા છે તેની વિગત આપશો.

(c) યુનિ. એકટ પ્રમાણે એલ. આઈ. સી. નિમવાની સત્તા કોની છે? તથા વર્ષ ૨૦૧૩–૧૪ તથા ૨૦૧૪–૧૫ દરમ્યાન એલ. આઈ. સી.ની નિમણૂંક કોણે કરેલ છે.

ઉત્તરઃ ૭૪. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૫. **(અ)** આપણી યુનિ.ની વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ તથા વર્ષ ૨૦૧૪–૧૫ની કેન્દ્રીય પ્રવેશ સમિતિ **(B.Com., B.C.A., B.B.A)** ની આવક જાવકની વિગત આપશો.

(a) વર્ષ ૨૦૧૨–૧૩, વર્ષ ૨૦૧૩–૧૪ તથા વર્ષ ૨૦૧૪–૧૫ના ઓનલાઈન પ્રવેશ માટે સોફ્ટવેર કંપનીને ચૂકવવામાં આવેલ નાણાંની વિગત આપશો.

(b) ઓનલાઈન પ્રવેશ માટે સોફ્ટવેર કંપનીની પસંદગી કયા નિયમોને આધારે તથા કેવી રીતે કરવામાં આવે છે તેની વિગત આપશો.

ઉત્તરઃ ૭૫. (અ) Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

(a) Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

(b) ઓનલાઈન પ્રવેશ માટે ૦.૩૬ હેઠળ નિયામાનુસાર કાર્યવાહી કરી ભાવોનું તુલનાત્મક પત્રક જે તે સત્તામંડળ સમક્ષ રજૂ કરી તેના ઠરાવ મુજબ L1 પાર્ટીને ઓર્ડર આપવામાં આવે છે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૬. યુનિવર્સિટી દ્વારા **PH**ને **M.Phil.** અને **Ph.D.**માં કેટલા ટકા **Reservation** રાખવાની જોગવાઈ છે?

ઉત્તરઃ ૭૬. રાજય સરકારના ધારા–ધોરણ મુજબ જે તે કેટેગરીના ૩% પ્રમાણે શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અનામત સીટ ફાળવવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૭. (અ) યુનિવર્સિટીનો ઓર્ડિનન્સ કયારે છાપવામાં આવેલ છે?

(બ) સુધારા–વધારા સાથેનો ઓર્ડિનન્સ અંગ્રેજી તથા ગુજરાતીમાં હોય તો તેની નકલ આપશો?

ઉત્તરઃ ૭૭. (અ) વર્ષ ૧૯૯૮થી.

(બ) અંગ્રેજીમાં કાર્યવાહી ચાલુ છે.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૮. (અ) યુનિ.માં બહુમાળી હોસ્ટેલ બની રહી છે તેનું અનુદાન કયાંથી મેળવવામાં આવેલ છે.

(a) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલ બન્ને મળીને કુલ કેટલું અનુદાન પ્રાપ્ત થયેલ છે?

(b) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલ હોસ્ટેલ બાંધવાનો કોન્ટ્રાકટ કોને આપવામાં આવેલ છે? કોના દ્વારા?

(c) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલો જયાં બાંધવામાં આવી રહી છે તે જમીનની ફાળવણી કયા અધિકાર મંડળ દ્વારા કરવામાં આવી છે તેની વિગતો આપશો. તથા કઈ કઈ શરતોને આધારે કયા પ્રકારે ફાળવવામાં આવેલ છે.

(d) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલ માટે શું જમીન ભાડાપટ્ટે આપવામાં આવેલ છે? જો ' હા ' તો કેટલા વર્ષ માટે? કેટલી રકમથી? યુનિવર્સિટીની જમીન અન્યને ફાળવવા માટે સાહેબશ્રીની મંજૂરી છે કે નહિ?

(e) વેચાણથી તબદીલ કરેલ છે?

(f) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ કયાં વિદ્યાર્થીઓને ફાળવવામાં આવશે? પ્રવેશ કોના દ્વારા કયાં કયાં ધારા ધોરણો હેઠળો ફાળવવામાં આવશે? તેની વિગતો જણાવશો.

(g) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ કયા વર્ષથી આપવામાં આવશે?

(h) બોયઝ હોસ્ટેલ્ તથા ગર્લ્સ હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે?

(i) બોયઝ તથા ગર્લ્સ હોસ્ટેલમાં રહેવા માટેનો ખર્ચ તથા ફી કોણ અને કેવી રીતે નકકી કરશે? તેમજ હોસ્ટેલોનો વહીવટી ખર્ચ કોણ ભોગવશે?

ઉત્તરઃ ૭૮. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૯. (અ) આપણી યુનિ. છેલ્લા બે વર્ષમાં કેટલા કમ્પ્યૂટરની ખરીદી કરવામાં આવેલ છે તેની વિગત આપશો.

(a) યુનિ. દ્વારા ખરીદવામાં આવેલ કમ્પ્યૂટર કયા કયા વિભાગમાં ફાળવવામાં કેટલી કેટલી સંખ્યામાં ફાળવવામાં આવેલ છે તેની વિગત આપશો.

(b) યુનિ. દ્વારા કમ્પ્યૂટર કયા કયા ધોરણોને આધારે ખરીદવામાં આવેલ છે તથા કોની પાસેથી તેમની તમામ વિગતો આપશો.

(c) યુનિ. દ્વારા ફરી વખત **(Repeat)** કમ્પ્યૂટર ઓર્ડર **Same Supplier**ને આપવામાં આવેલ છે તો કઈ કઈ જોગવાઈના આધારે તથા કોને ઓર્ડર આપવામાં આવેલ છે. તેની વિગત આપશો.

ઉત્તરઃ ૭૯. (અ) કમ્પ્યૂટર ખરીદી અંગે કાર્યાલયના ક્રમાંકઃજન/સ્ટોર્સ/૮૦૦/૧/૨૦૧૪, તા.૨૦/૧/૨૦૧૪ થી ૨૧૧ નંગ કમ્પ્યૂટરો ખરીદવામાં આવેલ હતા.

(a) .

1)	**Administration - 35**	**11)**	**Economics - 10**
2)	**D.B.I.M. - 30**	**12)**	**Gujarati - 6**
3)	**Exam - 20**	**13)**	**Sociology - 5**
4)	**M.Sc. (IT) - 15**	**14)**	**Mathematics - 5**
5)	**B.I.D. - 15**	**15)**	**Education - 5**
6)	**Public Administration - 12**	**16)**	**Comparative Literature - 3**
7)	**USIC - 12**	**17)**	**University Central Library - 3**
8)	**Journalism - 11**	**18)**	**Physics - 2**
9)	**Rural Studies - 10**	**19)**	**Girls Hostel – 2**
10)	**Bio Science - 10**		

(b) યુનિવર્સિટી દ્વારા કમ્પ્યૂટર કેન્દ્રીય ધોરણે ખરીદવા અંગે વર્તમાન પત્રોમાં ટેન્ડર નોટીસ આપી ટેન્ડરો મંગાવી નાણા સમિતિ / સિન્ડિકેટ સમક્ષ રજૂ કરી તેના ઠરાવ મુજબ L1 પાર્ટીને ઓર્ડર આપવામાં આવેલ છે.

(c) નાજી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૦. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ **2013-2014, 2014-2015**ના વર્ષ દરમ્યાન કેટલા **P.H.**ને **M.Phil.** અને **Ph.D.**માં પ્રવેશ આપ્યા તેની વિષય વાર માહિતી આપવી.

ઉત્તરઃ ૮૦. ઉત્તર : ૫૯ મુજબ.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૧. (અ) સિન્ડિકેટની મિટિંગ તા.૬–૬–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક–૩૨.૩ પ્રમાણે F.Y.B.Sc.માં સુરતની તમામ કોલેજમાં કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ના પ્રવેશ ફાળવવાના છો? આ ઠરાવનો અમલ વર્ષ ૨૦૧૫–૧૬માં કરવાના છો કે કેમ?

ઉત્તરઃ ૮૧. (અ) સરકારશ્રીએ સને ૨૦૧૪–૧૫ના વર્ષ દરમ્યાન ગુજરાતની તમામ સાયન્સ કોલેજોમાં પ્રથમ વર્ષ બી.એસસી.ના પ્રવેશો ACPC દ્વારા આપેલા હતા. આ વર્ષે (૨૦૧૫–૧૬) દરમ્યાન સરકારશ્રી કે યુનિવર્સિટીના સત્તા મડળ જે રીતે નકકી કરશે તે રીતે પ્રવેશની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૨. (અ) ડૉ. પ્રતિભાબેન દેસાઈ હાલ ડાયરેકટર છે કે પ્રિન્સિપાલ એ જણાવવું.

(a) ડૉ. પ્રતિભાબેન દેસાઈ હાલ કઈ પોસ્ટ પર કામ કરી રહ્યા છે.

(b) ડૉ. પ્રતિભાબેન દેસાઈનું સેનેટ પદ કયા કારણોસર રદ કરવામાં આવ્યું છે.

(c) ડાયરેકટર પોસ્ટ ટીચિંગ પોસ્ટ છે કે નોનટીચિંગ પોસ્ટ એ જણાવવું.

(d) ડૉ. પ્રતિભાબેન દેસાઈ આચાર્ય નથી જેથી તેઓનું સેનેટ પદ રદ થયેલ છે, એ વાત સાચી છે કે ખોટી.

(e) ડૉ. પ્રતિભાબેન દેસાઈ સેનેટ પદ પરથી રદ થયા પછી હાલ કઈ કઈ એકેડેમિક પોસ્ટ પર કામ કરી રહ્યા છે.

ઉત્તરઃ ૮૨. (અ) ડાયરેકટર.

(a) ડાયરેકટર, શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયૂટ ઑફ કોમ્પ્યુટર એજયુ. એન્ડ એપ્લાઈડ, સાયન્સીસ, સુરત.

(b) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૧૯–૦૧–૨૦૧૫ના પત્ર ક્રમાંક : દગજ–૨૦૧૩–૧૨૬૯–ખ૧ અનુસાર.

(c) Statute : 36 (2) (i) (c) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

(d) Statute : 36 (2) (i) (b) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

(e) Statute : 36 (2) (i) (f) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૩. **(અ)** આપણી યુનિ.માં અનુસ્નાતક તથા સંશોધન માટે વિદ્યાર્થીઓને પોતાની મૂળ ફેકલ્ટી બદલી અન્ય ફેકલ્ટીમાં અભ્યાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે?

(a) તેમજ આવી પરવાનગી આપવાની સત્તા કોની પાસે છે?

(b) આવી મંજૂરી માટે **B.U.T.** ની પરવાનગી જરૂરી છે? જો જરૂરી હોય તો **B.U.T.** દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલી પરવાનગી આપવામાં આવી છે તેની વિગતો આપશો.

(c) **B.U.T.** વતી વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલી પરવાનગી આપવામાં આવેલ છે તેની વિગત આપશો.

(d) **B.U.T.** વતી કુલપતિશ્રી નીતિ વિષયક નિર્ણય લઈ શકે ખરા? જો પ્રશ્નનો ઉત્તર 'ના' હોય તો કેટલા નીતિ વિષયક નિર્ણય લીધા છે તે વિગત આપશો.

ઉત્તરઃ ૮૩. (અ) હાજી.

(a) ફેકલ્ટી બદલી અન્ય ફેકલ્ટીમાં અભ્યાસ કરવાની પરવાનગી જે તે વિષયની RSC તથા B.U.T./ માનનીય કુલપતિશ્રી ધ્વારા આપવામાં આવે છે.

(b) હા.જી. B.U.T દ્વારા વર્ષઃ ૨૦૧૪–૧૫માં આપવામાં પીએચ.ડી. પ્રવેશ માટે આપવામાં આવેલ પરવાનગી નીચે મુજબ છે.

ક્રમ.નં.	વિષય	વિદ્યાર્થીનું નામ
૧	રૂરલ સ્ટડીઝ	ઝા દિપેશ જિતેન્દ્ર
૨	પબ્લિક એડમિનિસ્ટ્રેશન	રાવલ કલ્પેશ મીઠાલાલ

.

(c) **B.U.T.** વતી વર્ષ ૨૦૧૪–૧૫માં નીચે મુજબની પરવાનગી આપવામાં આવેલ છે

ક્રમ. નં.	**વિષય**	**વિદ્યાર્થીનું નામ**
૧	એમ.એ. (એક્ષટર્નલ) પોલિટીકલ સાયન્સ	ભુટાડા શોભા પુરૂષોતમ
૨	એમ.એ. (એક્ષટર્નલ) પોલિટીકલ સાયન્સ	શ્રી સેજુલ ભીમરાવ
૩	એમ.એ. (એક્ષટર્નલ) પોલિટીકલ સાયન્સ	પટેલ કલ્પનાબેન જયંતિલાલ
૪	એમ.એ. (એક્ષટર્નલ) પોલિટીકલ સાયન્સ	શ્રી મનિશ રમેશભાઈ કાપડીયા
૫	એમ.એ. (એક્ષટર્નલ) પોલિટીકલ સાયન્સ	શ્રી મોનીલ યોગેશભાઈ ઠાકરે
૬	એમ.એ. (એક્ષટર્નલ) સોસીયોલોજી	શ્રી હરેશ મગનલાલ દુધાત

(d) હાજી, B.U.T. વતી માનનીય કુલપતિશ્રી પ્રણાલિકા મુજબ નિર્ણય લઈ શકે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૪. યુનિવર્સિટી દ્વારા **P.H.** કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ અનામતની જોગવાઈ મુજબ શા માટે ફાળવવામાં આવતો નથી. (**M.Phil.** અને **Ph.D.**માં)

ઉત્તરઃ ૮૪. P.H. કેટેગરીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અનામતની જોગવાઈ મુજબ **RSC** ની ભલામણ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૫. (અ) તમામ ફેકલ્ટીમાં 1 થી 6 સેમેસ્ટરની પરીક્ષાઓ દર છ માસમાં લેવામાં આવે છે તો LL.Bમાં 1, 3, 5 અને 2, 4, 6 એમ બે ભાગમાં પરીક્ષા શા માટે લેવામાં આવે છે?

(બ) ૨૦૦૧ થી ૨૦૧૦ સુધી LL.B.ની પરીક્ષાઓ દરેક સેમેસ્ટરની એક સાથે લેવામાં આવતી હતી? હાલમાં આ દરેક સેમેસ્ટરની પરીક્ષા એકસાથે લેવામાં આવે છે?

(ક) P.G. લેવલ પર દરેક પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવે છે તો LL.Bમાં પણ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા શા માટે કરવામાં આવતી નથી?

(ડ) વી.ટી. ચોકસી લો કોલેજમાં વર્ષ ૨૦૧૪–૧૫માં F.Y.LL.Bમાં પ્રવેશો ઓછા મેરીટ વાળા વિદ્યાર્થીઓને આપવામાં આવેલા હતા? આ ખોટા પ્રવેશો આપનાર કોલેજ સામે તપાસ કમિટિનો રીપોર્ટ શુ હતો? તેની સામે શું કાર્યવાહી કરવામાં આવી? હવે પછી આ કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા કઈ રીતે કરવામાં આવશે? કયા કયા વિદ્યાર્થીઓને ઓછા ટકા હોવા છતા પ્રવેશો આપવામાં આવેલા તેના નામો આપશો?

ઉત્તરઃ ૮૫. (અ) આ સાથે **પરિશિષ્ટ :' ૧૧ '** તરીકે સામેલ પરિપત્ર એકે.પરિપત્ર/૫૪૦૪/૧૨ તા.૧૯–૫–૨૦૧૨ અનુસાર LL.B.માં સેમેસ્ટર ૧,૩,૫ અને સેમેસ્ટર ૨,૪,૬ એમ બે ભાગમાં પરીક્ષા લેવામાં આવે છે. **(પરિશિષ્ટ :' ૧૧ ')**

(બ) હાજી, નાજી.

(ક) એલએલ.બી. પ્રવેશો માટે યુનિવર્સિટી દ્વારા વિસ્તૃત એડમિશન રૂલ્સ બનાવવા બાબતે મા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવી છે.

(ડ) ડીનશ્રીની સમિતિની ભલામણ અનુસાર કાર્યવાહી થયેલ છે.

.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૬. **(અ)** સિન્ડીકેટનો તા.૨૦–૦૫–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક ૨૬૬ મુજબ અધિકાર મંડળના સભ્યો માટે ઓફિસ રૂમ બનાવવામાં આવ્યો હતો તેની વ્યવસ્થા કયા મકાનમાં કયા રૂમ નંબર પર કરવામાં આવી છે?

(a) ઉપર જણાવેલ ઠરાવનો અમલ કયારે કરવામાં આવશે?

(b) જો ઠરાવનો અમલ ન કરવાનો હોય તો સ્પષ્ટ કારણો આપવા વિનંતી.

ઉત્તરઃ ૮૬. (અ) વહીવટી મકાનમાં રૂમ નંબર-૧૧૯માં કરવામાં આવેલ હતી પરંતુ હાલ કાર્યાલયના ઉપયોગમાં છે.

(a) સગવડ ઉપલબ્ધ થયેથી.

(b) ઉત્ત૨ : (a) મુજબ.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૭. યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં કુલ કેટલા **P.H.** વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ઉત્તરઃ ૮૭. માહિતી નીચે મુજબ છે.

ક્રમ	વિભાગનું નામ	**Master Degree**	**M.Phil/ Ph.D. (Subject wise)**
૧	Department of Economics	-	Ph.D. - 2
૨	Department of Sociology	-	-
૩	Department of Human Resource Development	MHRD- 1	-
૪	Department of Public Administration	-	-
૫	Department of Gujarati	-	-
૬	Department of English	-	-
૭	Department of Comparative Literature	-	-
૮	Department of Mathematics	-	-
૯	Department of Statistics	-	-
૧૦	Department of Bio-Science	-	-
૧૧	Department of Chemistry	-	M.Phil- 1
૧૨	Department of Physics	-	-
૧૩	Department of Bio-Technology	M.Sc. Bio-Tech.- 1	-
૧૪	Department of Aquatic Biology	-	-
૧૫	Department of USIC	-	-
૧૬	Department of Computer Science	MCA- 3,	M.Phil- 1
૧૭	G.H. Bhakta Mngt. Academy (DBIM)	MBA-2	
૧૮	Department of Education	M.Ed.- 1	Ph.D.- 03
૧૯	Department of Rural Studies	-	-
૨૦	Department of Commerce	-	P.H.D.-2
૨૧	Department of Mass Communication	-	-
૨૨	University Library	M.Lib.- 2	Ph.D.- 01
૨૩	Department of Law	-	Ph.D. - 01
૨૪	Computer Science & I. T. Information Technology (J.P. Dawer Insti. of Tech.(I.T.)	M.Sc. IT- 3	-
૨૫	Fine Arts	-	-
	Total	**13**	**11**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૮. (અ) યુનિવર્સિટી સંલગ્ન કેટલી કોલેજોનો L.I.C.નો રિપોર્ટ નેગેટીવ હોય તે તમામ કોલેજના નામો તથા L.I.C.ના રિપોર્ટની નકલ આપશો.

(બ) હાલમાં કઈ કોલેજોની જગ્યાની અંદર અથવા નીચે દુકાનો (શોપિંગ) સેન્ટર આવેલા છે તેવી કોલેજના નામો આપવા? આ કોલેજના L.I.C.નો રિપોર્ટ આપવો?

(ક) વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૫ સુધીમાં કુલ કેટલી કોલેજોના નવા જોડાણની અરજીઓ આવી તે તમામ કોલેજના નામો જણાવો? તે કોલેજના જોડાણ અંગે L.I.C.નો અહેવાલ આપશો?

(ડ) કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ કે સિન્ડિકેટ વતી L.I.C.નો રિપોર્ટ સ્વીકાર્યા હોય તે કોલેજના નામો આપશો?

ઉત્તરઃ ૮૮. **Statute : 36 (2) (i) (g)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮૯. **(અ)** યુનિ. સંલગ્ન ડિપાર્ટમેન્ટ/કોલેજોમાં **Women Development Cell**ની રચના કરવામાં આવી છે?

(a) આપની યુનિ.માં **Women Development Cell**ની મિટિંગ કયારે કયારે મળી હતી તેમાં કયા કયા પ્રશ્નો પૂછાયેલા?

ઉત્તરઃ ૮૯. **(અ)** હાજી.

(a) (૧) તારીખઃ ૧૭–૦૯–૨૦૧૪

(૨) તારીખઃ ૧૬–૧૦–૨૦૧૪

(૩) તારીખઃ ૩૦–૧૨–૨૦૧૪

(૪) તારીખઃ ૧૯–૦૨–૨૦૧૫

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૦. યુનિવર્સિટી અને યુનિવર્સિટી સલગ્ન તમામ કોલેજોમાં કુલ કેટલા **P.H.** વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

ઉત્તરઃ ૯૦. **Statute : 36 (2) (i) (g)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૧. (A) ફિઝિકસ વિભાગમાં M.Sc. Electronics બંધ શા માટે કર્યુ?

(B) Electronic Scienceનું બોર્ડ અલગ કેમ નથી?

(C) વુમન સ્ટડી સેન્ટરના કામ માટે UGC માંથી કેટલી ગ્રાંટ આવેલ છે?

(D) ગ્રાંટ ન વાપરી હોય અને UGCને પરત કરેલ મુદ્દલ સાથે યુનિવર્સિટીને કેટલું વ્યાજ ચુકવેલ છે?

(E) ઉપરોકત (D) ની રકમ ન વાપરી વ્યાજ સાથે રકમ પરત કરેલ તો એના માટે જવાબદારી કોની?

(F) જવાબદાર સામે કોઈ નોટીસ આપેલ છે કે તેમના પગારમાંથી વ્યાજની રકમ વસુલ કરેલ છે.

ઉત્તરઃ ૯૧. (A) ભૌતિક શાસ્ત્રના વિભાગીય વડાશ્રીની લેખિત રજૂઆત સંદર્ભે સિન્ડિકેટની સભામાં એમ.એસસી.–ઈલેકટ્રોનીકસ વિષયમાં હવેથી પ્રવેશો સ્થગિત કરવા ઠરાવાયું છે.

(B) **Statute : 36 (2) (i) (c)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

(C) વુમન સ્ટડી સેન્ટરના કામ માટે યુજીસીમાંથી રૂા.૨૦,૦૦,૦૦૦/– ની ગ્રાંટ પ્રાપ્ત થયેલ હતી.

(D) ગ્રાન્ટ ન વાપરી હોય અને યુ.જી.સી.ને પરત કરેલ મુદ્દલની રકમ રૂા.૧૭,૨૦,૧૮૮/– અને વ્યાજના રૂા.૩,૨૦,૪૯૩/– છે.

(E) **Statute : 36 (2) (i) (c)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

(F) **Statute : 36 (2) (i) (c)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૨. (અ) યુનિ. વિસ્તારમાં ચાલતા બોગસ સ્ટડી સેન્ટર પર કાર્યવાહી કરવા માટે યુનિ. દ્વારા કયાં પગલાં લેવામાં આવેલ છે.

(a) યુનિ. વિસ્તારમાં ચાલતા બોગસ સ્ટડી સેન્ટર પર કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટ દ્વારા ફોજદારી કાર્યવાહી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે?

(b) જો ફોજદારી કાર્યવાહી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હોય તો યુનિ. કયારે ફોજદારી કાર્યવાહી કરશે?

(c) બોગસ સ્ટડી સેન્ટર પર ફોજદારી કાર્યવાહી કરવા માટે રાજય સરકારની પરવાનગી જરૂરી છે? જો આ પ્રશ્નનો ઉત્તર ' હા ' હોય તો કયા નિયમોને આધીનસ્થ? વિગત આપશો.

(d) સિન્ડિકેટ ફોજદારી કાર્યવાહી કરવાનો નિર્ણય કરે તો સિન્ડિકેટના નિર્ણય પર રાજય સરકારની પરવાનગી જરૂરી છે?

ઉત્તરઃ ૯૨. **Statute : 36 (2) (i) (h)** મુજબ પ્રસ્તુત પ્રશ્ન **' admissible '** ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૩. **P.H.** વિદ્યાર્થીઓ માટે અલગ ટોઈલેટ અને રેમ્પની વ્યવસ્થા રાખવાની સરકારી જોગવાઈ છે? ' હા ' કે ' ના ' હા તો આ જોગવાઈ નિયમનું પાલન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી રહ્યું છે?

ઉત્તરઃ ૯૩. હાજી, કાર્યવાહી ચાલુ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૪. (અ) એક્ષટર્નલ સિસ્ટમમાં વર્ષમાં વિદ્યાર્થીઓની પરીક્ષા બે વખત લેવામાં આવે છે. જેમ કે યુ.જી. લેવલની પરીક્ષામાં રૂા.૨૪૦૦ તથા પી. જી. લેવલની પરીક્ષામાં રૂા.૨૮૦૦ છે. પરંતુ હાલમાં એક્ષટર્નલમાં વાર્ષિક પધ્ધતિ અમલમાં આવતા તેમની ફી પણ આટલી જ લેવામાં આવે છે. જયારે કે આ વિદ્યાર્થીઓ વર્ષમાં એક જ વાર પરીક્ષા આપતા હોય છે. તો ફીમાં આટલી વિસંગતતા કેમ છે ?

(બ) વિવિધ પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી પરીક્ષા વિભાગ દ્વારા માર્કશીટો કોલેજ પર દસ દિવસની અંદર કેમ મોકલવામાં આવતી નથી? હાલ જે પરિણામો જાહેર થયા છે તેના પરિણામ તૈયાર થયાની તારીખ અને કોલેજ પર માર્કશીટો મોકલવાની તારીખો બતાવવી?

ઉત્તરઃ ૯૪. (અ) સિન્ડિકેટ તા.૨૬–૮–૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ ૪૧ મુજબ બી.એ./ બી.કોમ. માટે રૂા.૨૪૦૦/– તથા એમ.એ./એમ. કોમ. માટે રૂા.૨૮૦૦/– ફી લેવામાં આવે છે

(બ) વિવિધ પરીક્ષાનાં પરિણામ જાહેર થયાથી માર્કશીટ તૈયાર થતાં કોલેજોમાં મોકલી આપવામાં આવે છે. તેમજ યુનિવર્સિટી ઈન્ટરનેટ પર પણ મુકવામાં આવે છે. નવેમ્બર/ ડિસેમ્બર –૨૦૧૪ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓની માર્કશીટ કોલેજોમાં યુનિવર્સિટી વાહન દ્વારા પહોંચાડયા અંગેની વિગતો નીચે મુજબ છે.

S|D	5ZL1FFG]\ GFD	5ZL1FFGM DFlCGM VG[JQF"	DFS"XL8 DMS<IFGL TFZLB
1.	F.Y./S.Y./T.Y. & 4rt Year B. Physiotherapy	Aug.- 2014	17-10-2014
2.	B.Optometry (Seme.- 2,4,6)	Aug.- 2014	17-10-2014
3.	M.D./ M.S.	Octo.-2014	29-10-2014
4.	M.Ed. (Seme.- I)	Oct- 2014	14-11-2014
5.	F.Y. M. Physiotherapy (Supp.)	Oct.- 2014	7-2-2015
6.	B.Ed. (Seme.- I)	Octo.- 2014	4-12-2014
7.	T.Y.B.Com.- (Reg. & Ext.)	Nov.- 2014	18-12-2014
8.	M.Sc. (Seme.- 1,2,3) (Aqu .Bio. & Stat.)	Nov.- 2014	18-12-2014
9.	M.Sc. (Seme.- 1,2,3) (Apply. Stat.)	Nov.- 2014	3-1-2015

10	M.P.A. (Seme.- 1,2,3,4)	Nov.- 2014	3-1-2015
11	B.P.Ed.	Nov.- 2014	5-1-2015
12	T.Y.B.Sc.	Nov.- 2014	5-1-2015
13	B.Com. (Honours) (Seme.- 5 & 6)	Nov.- 2014	7-1-2015
14	BCA (Seme.- 5 & 6)	Nov.- 2014	12-1-2015
15	M.Sc. (Seme.- 1,2,3,4) (Elect. & Phy.)	Nov.- 2014	17-1-2015
16	M.Sc. (Tech. In Instru.) (Seme.- 1 & 3)	Nov.- 2014	17-1-2015
17	M.Sc. (Bio. Science) (Seme.- 1,2,3,4)	Nov.- 2014	31-1-2015
18	M.Sc. (Bio Tech.) (Seme.- 1,5,6)	Nov.- 2014	31-1-2015
19	M.Sc. (Botany) (Seme.- 1 & 3)	Nov.- 2014	31-1-2015
20	M.Sc. (Env. Scie.) (Seme. 1 & 3)	Nov.- 2014	7-2-2015
21	M.Sc. (Medi. Lab. Tech.) (Seme.- 1,2,3)	Nov.- 2014	7-2-2015
22	M.Sc. (Maths.) (Seme.- 1,2,3,4)	Nov.- 2014	7-2-2015
23	B.A. (Reg. & Ext.) (Seme.-5 & 6)	Nov.- 2014	7-2-2015
24	B.Com.(Reg. & Ext.)(Seme.-5&6)	Nov.- 2014	3-1-2015
25	F.Y./S.Y./T.Y./M.B.B.S.Part-1&2	Jan.- 2015	16-2-2015
26	B.R.S. (Seme.- 1 &3)	Nov.- 2014	16-2-2015
27	B.Sc. (Seme.- 5)	Nov.- 2014	16-2-2015
28	M.Com. (Reg. & Ext.) (Seme. 1 to 4)	Nov.- 2014	18-2-2015
29	B.B.A. (Seme.- 5 & 6)	Nov.- 2014	18-2-2015
30	B.Sc. (Seme.- 5 & 6)	Nov.- 2014	20-2-2015
31	B.Sc. Bio- Tech. (Seme.- 1,4,5)	Nov.- 2014	20-2-2015
32	M.S.W. (Seme.- 1,3,4)	Nov.- 2014	20-2-2015
33	B.S.W. (Seme.- 1,3,4)	Nov.- 2014	20-2-2015

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૫. **(અ)** યુનિ.માં હિન્દી ડિપાર્ટમેન્ટ શરૂ કરવા માટે આજદિન સુધી થયેલ પ્રયત્નોની વિગત આપશો.

(a) યુનિ.માં હિન્દી ડિપાર્ટમેન્ટની મંજૂરી માટે યુનિ. આગામી સમયમાં શું પ્રયત્ન કરવાની છે?

ઉત્તરઃ ૯૫. (અ) રાજય સરકારશ્રી તેમજ યુજીસીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

(a) રાજય સરકારશ્રી તેમજ યુજીસીને રજૂઆત કરવામાં આવશે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૬. યુનિવર્સિટી અને યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં કેટલા ભવનમાં **P.H.** વિદ્યાર્થીઓ માટે અલગ ટોઈલેટની વ્યવસ્થા છે?

ઉત્તરઃ ૯૬. કેટલાક વિભાગોમાં ઉપલબ્ધ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૭. (અ) જે વિદ્યાર્થીઓ માર્કશીટ, ટ્રાન્સક્રીપટ વેરિફિકેશન કરાવવા આવે અને તે વેરિફિકેશન કરીને વિદેશ મોકલવાની ફી (જેમ કે કેનેડા, અમેરિકા, દુબઈ) વગેરે યુનિવર્સિટી માર્કશીટ દીઠ રૂા.૧૫૦૦/– લે છે. જેમ કે કોઈ વિદ્યાર્થીની પાંચ માર્કશીટ હોય તો તેની પાસે ફી પેટે રૂા.૭૫૦૦/– લેવાય છે. જયારે તે માર્કશીટ એક જ કવરમાં જતી હોય તો તેનો ખર્ચ પોસ્ટ દ્વારા ફકત રૂા.૧૫૦૦/– જેટલો જ થાય છે. તેમની પાસેથી આટલી વધુ ફી કેમ લેવામાં આવે છે?

(બ) SC, ST અને OBCના વિદ્યાર્થીઓને રીએસએસમેન્ટમાં દરેક વિષયની ફીમાં ૫૦% ફી માફી આપવામાં આવતી હતી તે હાલમાં ચાલુ છે કે બંધ ? જો બંધ હોય તો કયા અધિકાર મંડળ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે? શા માટે?

ઉત્તરઃ ૯૭. (અ) સિન્ડિકેટ તા. ૫–૨–૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ ૨૨ ને અનુસંધાને મુજબ પરીક્ષા વિભાગના પરિપત્ર NO.EXAM./A/1660/2013 TFPZ(v#vZ_!# મુજબ માર્કશીટ/ ટ્રાન્સકીપ્ટ વેરીફીકેશન કરીને વિદેશ મોકલવાની ફી રૂા.!5__qv ,[JFDF\ VFJ[K[P

(બ) l;lg0S[8 TFP5vZvZ_!#GF\ 9ZFJ S|DF\So ZZG[VG];\WFG[5ZL1FF lJEFUGF 5lZ5+ NO. EXAM. /A / 1660 / 2013 તા. ૨૮–૩–૨૦૧૩ મુજબ lZvR[SL\Uq lZvV[;[;D[g8GF\ OMD"GL OL !_ ~l5IF4 lZvV[;[;D[g8GL OL Z5_qv4 lZvR[SL\UGL OL HGZ,

S[8[UZL DF8[३।.!__qv TYF SC/ST DF8[३।.5_qv ,[JFDF\ VFJ[K[P

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૮. **(અ)** ચાલુ વર્ષમાં યુનિ.ની હોસ્ટેલમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? કયા કયા પ્રકારના સાધન સામગ્રીની ખરીદી કરવામાં આવી છે?

(a) યુનિ.ની હોસ્ટેલની સાફ સફાઈ, મરામત પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(b) યુનિ.ની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના કેટલી વાર હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું છે? તેની વિગત આપશો.

(c) યુનિ.ની હોસ્ટેલમાં રહેતા **ST/ SC/ OBC** ના વિદ્યાર્થીઓને કઈ કઈ પ્રકારની રાહત સુવિધા આપવામાં આવે છે?

(d) યુનિ.ની હોસ્ટેલમાં કેટલો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે.

ઉત્તરઃ ૯૮. **(અ)** ચાલુ વર્ષમાં યુનિ.ની બોઈઝ હોસ્ટેલમાં હોસ્ટેલ સાધન સામગ્રી/ રમત ગમત/ પગાર તેમજ અન્ય કુલ ખર્ચ રૂા.૧૩,૦૨,૭૦૭–૦૦ તથા હોસ્ટેલ મરામત અંગે થયેલ ખર્ચ રૂા.૧,૬૯,૪૨૮/–. ચાલુ વર્ષમાં ર્ગલ્સ હોસ્ટેલમાં મરામત ખર્ચ રૂા.૧૦,૩૮,૭૮૭/– તથા સાધન સામગ્રી ખર્ચ રૂા.૬,૧૮,૪૬૦/– કરવામાં આવ્યો છે. બોઈઝ હોસ્ટેલમાં ખરીદવામાં આવેલ સાધન સામગ્રી જેવી કે, ક્રિકેટના સાધનો, વોલીબોલ, ચેસ, કેરમબોર્ડ,બેડમિન્ટન, ફુટબોલ વિગેરે તથા ગર્લ્સ હોસ્ટેલમાં ચાલુ વર્ષે કાવેરી હોસ્ટેલ માટે પલંગ, ટેબલ, ખૂરશી, કબાટની ખરીદી કરવામાં આવેલ છે.

(a) યુનિવર્સિટીની બોઈઝ હોસ્ટેલમાં મરામત તથા અન્ય થયેલ ખર્ચની રકમ કુલ રૂા.૧૪,૭૨,૦૩૫–૦૦ છે તથા ર્ગલ્સ હોસ્ટેલમાં મરામત તથા અન્ય થયેલ ખર્ચની રકમ રૂા.૧૭,૧૯,૭૫૧/– થયેલ છે.

(b) તા.૧૦, ૧૧, ૧૨ નવેમ્બર ૨૦૧૩ હોસ્ટેલના દરેક વિદ્યાર્થીનાં બ્લડ ગ્રુપ તથા હિમોગ્લોબીન સાથે કમ્પ્લીટ હેલ્થ ચેક અપ કેમ્પ કર્યો હતો. તા.૨૫, ૨૬, ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫ સ્વાઈન ફલુની મેડિસીનનું વિતરણ હોસ્ટેલના વિદ્યાર્થીઓને કર્યુ તથા યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેતા વિધાર્થીઓની એકવાર હેલ્થ ચેક અપ કરવામાં આવી હતી.

(તા. ૧૮/૧૦/૨૦૧૩ ના રોજ)

(c) સરકારશ્રીના ધારાધારણો મુજબ.

(d) બોયઝ હોસ્ટેલના કાર્યાલયમાં એક કાયમી પટાવાળા ફરજ બજાવે છે.

હંગામી કર્મચારીઓ

બોયઝ હોસ્ટેલ : જુ.કલાર્ક / ટેકનિશીયન	: ૧ (એક)
ગર્લ્સ હોસ્ટેલ : ગૃહ માતા	: ૧ (એક)
જુ.કલાર્ક	: ૧ (એક)
પટાવાળા	: ૧(એક)
પટાવાળા કમ સફાઈ કામદાર	: ૧(એક)

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯૯. યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં કેટલા **P.H.**ના વિદ્યાર્થીઓને સરળતાથી જઈ શકે તેવા રેમ્પ બનાવવામાં આવ્યા છે?' હા ' કે ' ના ' જો ના હોય તો શા માટે બનાવવામાં આવ્યા નથી.

ઉત્તરઃ ૯૯. કાર્યવાહી ચાલુ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૦. (અ) યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૪– ૨૦૧૫માં કમ્પ્યૂટરો તેમજ લેપટોપ કઈ કંપની (સંસ્થા)માંથી ખરીદવામાં આવ્યા? કેટલા ખરીદવામાં આવ્યા? આ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હોય તો તેની કોપી? તેમજ કયા ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો?

(બ) જૂના કમ્પ્યૂટરો હાલ કઈ જગ્યાએ છે અને તેનો નિકાલ કઈ રીતે કરવામાં આવે છે?

(ક) ટેન્ડરમાં દર્શાવ્યા ભાવ કરતાં વધારે ભાવ કમ્પ્યૂટર ખરીદવા માટે ચૂકવવામાં આવ્યા છે? કેટલા? કોની પરવાનગીથી?

(ડ) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતા કમ્પ્યૂટરો તેમજ લેપટોપ કઈ કંપની (સંસ્થા)માંથી ખરીદવા માટે કેટલી અને કઈ કઈ ગ્રાન્ટો ફાળવવામાં આવે છે.

ઉત્તરઃ ૧૦૦.

(અ) વર્ષ ૨૦૧૪–૧૫ માં કમ્પ્યૂટરો તેમજ લેપટોપ ઈ–ટેન્ડર અંતર્ગત ખરીદવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

(બ) જૂના કમ્પ્યૂટરો જે તે વિભાગમાં કાર્યરત છે. અને બિન કાર્યરત કોમ્પ્યુટરના નિકાલ માટે ૦.૩૬ કાર્યવાહી કરવામાં આવે છે.

(ક) નાજી.

(ડ) યુનિવર્સિટી દ્વારા કમ્પ્યૂટરો તેમજ લેપટોપની ખરીદી માટે ૦.૩૬ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે તેમજ ગ્રાંટ યુટીલાઈઝેશન સમિતિની ભલામણ મુજબ યુનિવર્સિટીના વિભાગોને ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે. કોમ્પ્યુટર/લેપટોપ માટે જે તે વિભાગની જરૂરિયાત મુજબ વિભાગીય વડાશ્રીએ સૂચવેલ સ્વનિર્ભર અભ્યાસક્રમ ફંડ તેમજ યુજીસી/રૂસા વગેરે ફંડ ફાળવવામાં આવે છે.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૧. (અ) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના **Principal** ના વેલ્ફેર માટે કયાં કયાં આયોજન કરવામાં આવ્યા છે.

(a) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યો સાથે વાઈસ ચાન્સેલરની કયારે કયારે મિટિંગ કરવામાં આવી છે?

(b) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યોને **Training & Development** માટે કોઈ પણ પ્રકારનું આયોજન કરવામાં આવેલું છે.

(c) યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યોના પ્રશ્નોના સમાધાન માટે યુનિ. ભવિષ્યમાં કોઈ આયોજન કરવાની છે ખરી?

ઉત્તરઃ ૧૦૧. (અ),

(a)
(b)
(c)

આવશ્યકતા અનુસાર મિટિંગો કરવામાં આવે છે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૨. સરકાર દ્વારા **P.H.**ના વિદ્યાર્થીઓને કઈ કઈ સુવિધાઓ આપવાની જોગવાઈ છે તેની માહિતી આપવી.

ઉત્તરઃ ૧૦૨. પ્રવેશ, પરીક્ષા, શિષ્યવૃત્તિ વગેરેમાં સુવિધા આપવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૩. (અ) ચીખલી ગવર્નમેન્ટ સાયન્સ કોલેજમાં એફ.વાય. બી.એસસી.માં કુલપતિ દ્વારા ડિવિઝન દીઠ કેટલી વધારાની બેઠકો મંજૂર કરવામાં આવી છે?

(બ) **ACPC** દ્વારા તેમજ યુનિવર્સિટીએ મંજૂર કરેલ વધારાની ડિવિઝન દીઠ બેઠકો સાથે કુલ કેટલી બેઠકો **F.Y.B.Sc.**માં હતી.?

(ક) યુનિવર્સિટીમાં આ કોલેજ દ્વારા **F.Y.B.Sc.**માં એનરોલમેન્ટ માટે કેટલી સંખ્યામાં ફોર્મ મોકલેલા છે ?

(ડ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી **F.Y.B.Sc.**માં કેટલી ફી લેવામાં આવી છે? વધારાની ફી લેવામાં આવી હોય તો તેની જાણ યુનિવર્સિટીને છે કે કેમ?

ઉત્તરઃ ૧૦૩. (અ) ચીખલી ગર્વમેન્ટ સાયન્સ કોલેજમાં એફ.વાય.બી.એસસી. માં કુલપતિ દ્વારા ડિવિઝન દીઠ ૧૦ બેઠકો મંજૂર કરેલ હતી.

(બ) ACPC દ્વારા તેમજ યુનિવર્સિટીએ સરકારી સાયન્સ કોલેજ ચીખલીમાં બી.એસસી. ૧ ડિવિઝનમાં ૬૦ બેઠકો અને બી.એસસી. (ફિઝિકસ, કેમીસ્ટ્રી, મેથ્સ, ઝૂલોજી, બોટની, માઈક્રોબાયોલજી,બાયોટેકનોલોજી) ૧ ડિવિઝનમાં ૧૨૦ બેઠકો હતી.

(ક) ચીખલી ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ તથા સરકારશ્રીના તા.૩૦–૬–૨૦૧૪ના પત્ર ક્રમાંક : OW/GSC3/2014/ 1/18635-647થી સરકારી વિજ્ઞાન કોલેજનું એક્ષટેનશન (ભિલાડ) સેન્ટરમાં ૨૫૦ અને એક્ષટેન્શન (પારડી)ના ૨૩૦ વિદ્યાર્થીઓની પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી તે મળી કુલ ૫૮૦ એનરોલમેન્ટ ફોર્મ મોકલવામાં આવ્યાં હતાં.

(ડ) Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી કલ્પેશ મીઠાલાલ રાવલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૪. **(અ)** યુનિ. સંલગ્ન ડિપાર્ટમેન્ટના **H.O.D.** સાથે વાઈસ ચાન્સેલર કયારે કયારે મિટિંગ કરી શકે?

(a) ડિપાર્ટમેન્ટના **H.O.D.**ના **Training & Development** માટે કોઈ પણ પ્રકારનું આયોજન કરવામાં આવેલું છે?

(b) ડિપાર્ટમેન્ટના **H.O.D.**ના **Walfare** તેમજ તેમના **Advancement** માટે ભવિષ્યમાં કોઈ આયોજન ખરૂં?

ઉત્તરઃ ૧૦૪. **(અ)**

(a)
(b) } આવશ્યકતા અનુસાર મિટિંગ કરવામાં આવે છે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૫. **UGC**ના **PHD**ના નિયમ અનુસાર પ્રવેશ લાયક વિદ્યાર્થીઓને છ માસ માર્ગદર્શન આપ્યા પછી **proposal presentation** ની જોગવાઈ છે? ' હા ' કે ' ના' જો હા તો આપણી યુનિવર્સિટીમાં આ નિયમનું પાલન થઈ છે?

ઉત્તરઃ ૧૦૫. પ્રવેશપાત્રતા ધરાવતાં અરજીકર્તા ઉમેદવારોનું RSC સમક્ષ પ્રપોઝલ પ્રેઝન્ટેશન કરવામાં આવે છે તથા RSC ની ભલામણ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૬. (અ) રાજકીય પક્ષ (ભાજપ)ની સભ્ય નોંધણી યુનિવર્સિટીના કયા ડિપાર્ટમેન્ટની અંદર ચાલુ કલાસરૂમમાં કરવામાં આવી હતી. તે ડિપાર્ટમેન્ટનું નામ? તેમની સામે કેવાં પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે તે જણાવશો ?

(બ) યુનિવર્સિટી સંલગ્ન કઈ કઈ કોલેજના કેમ્પસ તથા કલાસરૂમની અંદર રાજકીયપક્ષની સભ્ય નોંધણી કરવામાં આવેલ હોય તે કોલેજના નામો જણાવો? તેની સામે કયા પગલાં ભરવામાં આવ્યા તે જણાવશો ?

(ક) આ પ્રકારની રાજકીય પક્ષની સભ્ય નોંધણી ડિપાર્ટમેન્ટ / કોલેજોમાં કલાસરૂમમાં ન થાય તે માટે યુનિવર્સિટી દ્વારા કોઈ નિયમો બનાવ્યા હોય તો તેની નકલ આપશો.

(ડ) યુનિવર્સિટીમાં યોજાયેલ RSS સંચાલિત ભારતીય શિક્ષણ મંડળનો કાર્યક્રમ રાજકીય હતો કે કેમ? આ કાર્યક્રમ માટે કન્વેન્શન હોલનું ભાડું લેવામાં આવેલ હતું? આ કાર્યક્રમમાં જમવા–રહેવાની સગવડ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ હતું? આ પ્રકારના રાજકીય પક્ષના કાર્યક્રમની પરવાનગી યુનિવર્સિટીમાં શા માટે આપવામાં આવે છે? આ કાર્યક્રમમાં યુનિવર્સિટી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

ઉત્તરઃ ૧૦૬. Statute : 36 (2) (i) (a), (b) & (h) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૭. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કુલ કેટલા **PH** વિદ્યાર્થીઓએ **M.PHIL, Ph.D.** માટે પ્રવેશ પરીક્ષા આપી. તેમાંથી કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થયા. આમાથી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો. વિષયવાર માહિતી આપવી.

ઉત્તરઃ ૧૦૭. Ph.D. પ્રવેશ પરીક્ષાના મેરીટના આધારે પ્રવેશના પ્રેઝન્ટેશનની કાર્યવાહી કરવામાં આવે છે તથા M.Phil સંશોધન અભ્યાસમાં RSCએ નિયત કરેલ ધારા–ધોરણો મુજબ પ્રવેશ પરીક્ષાનું પાસીંગ સ્ટાન્ડર્ડ નિયત કર્યેથી પ્રવેશ આપવામાં આવે છે.

(અ) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન એમ.ફિલ. તથા પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં નીચે મુજબના વિષયોમાં P.H. વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા આપેલ હતી.

ક્રમ	M.Phil	Ph.D.
૧	એજયુકેશન	કેમેસ્ટ્રી
૨.	કોમ્પ્યુટર સાયન્સ	કોમર્સ
૩.	કોમર્સ	અર્થશાસ્ત્ર
૪.	કેમેસ્ટ્રી	હિન્દી

(બ) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ધ્વારા શૈક્ષણિક વર્ષઃ૧૪–૧૫માં M.Philમાં એન્ટ્રન્સ ટેસ્ટ તથા વાયવા યોજીને અને Ph.D.માં P.H. વિદ્યાર્થીઓને રીસર્ચ સ્ટડીઝ સમિતિ ધ્વારા પ્રપોઝલ સ્વીકારી નીચે મુજબના વિષયોમાં પ્રવેશ આપવા ઠરાવેલ છે.

ક્રમ	M.Phil	Ph.D.
૧	કોમ્પ્યુટર સાયન્સ–૧	કોમર્સ–૨
૨.	કેમેસ્ટ્રી–૧	અર્થશાસ્ત્ર–૧

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૮. નિવૃત થયેલ કર્મચારીઓએ અનુભવી હોય તેઓને ફિકસ માળખાના વેતનથી રાખવામાં આવે છે. એવા કર્મચારીઓ કરતા ટેકનોલોજીના પ્રમાણમાં કમ્પ્યૂટરનું જ્ઞાન ધરાવતા હોય તેવા જ કર્મચારીઓને રાખવામાં કેમ નથી આવતા ?

(એ) નિવૃત્ત કર્મચારીઓને સોંપવામાં આવતી કેટલીક અગત્યની કામગીરીઓ માટે તેઓ ખરેખર જવાબદાર બની શકે ખરા?

(બી) તદ્દન હંગામી (A) રોજમદાર કલાર્ક (B) પટાવાળાની લાયકાત શું?

(સી) શું ઉપરોકત (A) અને (B)ની લાયકાત મુજબ ભરતી કરવામાં આવે છે?

(ડી) ઉપરોકત લાયકાતના ધારા ધોરણોમાં બાંધ છોડ કરીને તદ્દન હંગામી ધોરણે કલાર્ક / પટાવાળામાં ભરતી કરવામાં આવી છે. જો કરવામાં આવી હોય તો તેઓના નામ આપો.

(ઈ) આવા નિવૃત અધિકારીઓને જો ફરીથી ફરજ પર રાખવા હોય તો પરીક્ષા વિભાગમાં ચાલતા ACDCની કામગીરી માટે નિયુકિત કેમ નહીં? જો નહી રાખી શકાય તો પછી ACDCની કામગીરી માટે ભરતી કરવામાં આવતા છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં પ્રાપ્ત માહિતી મુજબ પરીક્ષાની અગત્યની કામગીરી કરવા માટે ACDCમાં ધોરણ ૧૨ કે તેથી ઓછું અભ્યાસ ધરાવતા કર્મચારીઓને રાખવામાં આવે તેના કરતાં નિવૃત્ત કર્મચારીઓ કે જેઓ કમ્પ્યૂટરની સ્કીલ (Skill) આવડત ધરાવતા નથી તો તેવા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવે છે?

(એફ) યુનિવર્સિટીમાં ગ્રેજયુએટ લેવલના કલાર્કની સેવા લેવામાં આવે છે, જેની સાથે કમ્પ્યૂટરની સ્કીલ (Skill) જરૂરી છે તો નિવૃત્ત કર્મચારીઓ પણ કમ્પ્યૂટરની સ્કીલની (Skill) આવડત ધરાવતા હોય તેવાની જ ભરતી (સમાવેશ) કરવામાં આવે છે?

ઉત્તરઃ ૧૦૮. Statute : 36 (2) (i) (c) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦૯. તાજેતરમાં રાજય સરકાર દ્વારા કુલ કેટલી શૈક્ષણિક જગ્યાઓ ભરવાની મંજૂરી આપી છે. કેટેગરી અનુસાર માહિતી આપવી.

ઉત્તરઃ ૧૦૯. કુલ ૨૦.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૦. સરકારી નિયમ મુજબ મહિનાનો બીજો અને ચોથા શનિવારે રજા હોવા છતાં યુનિવર્સિટીમાં બીજો અને ચોથા શનિવારે ફકત એડહોક કર્મચારીઓ દ્વારા જ યુનિવર્સિટી કાર્યાલય ચલાવવામાં આવે છે?

(એ) બીજો અને ચોથો શનિવાર દિવસોએ વહીવટી મકાનમાં કયાં કયાં કર્મચારીઓ કે કોઈ અધિકારીઓ હાજર રહે છે ખરાં?

(બી) જો હાજર રહેતા હોય, તો તે કેટલા સમય માટે?

(સી) બીજા કે ચોથા શનિવારે કોઈ ડોકયુમેન્ટ કે અગત્યના દસ્તાવેજો ગેરવલ્લે થયા છે?

(ડી) અધિકારીઓ હાજર ન રહેતા હોય, તો યુનિવર્સિટીના અગત્યના ડોકયુમેન્ટો કે દસ્તાવેજો વગેરે ગેરવલ્લે થાય, તો તેની જવાબદારી કોની ?

(ઈ) નિવૃત્ત કર્મચારીઓ અને એડહોક/ રોજમદાર કર્મચારીઓના પગારમાં ડિફરન્સથી શા માટે ચૂકવવામાં આવે છે?

(એફ) એડહોક કર્મચારીઓને માટે કોઈ ઓળખપત્ર હોય છે ?

ઉત્તરઃ ૧૧૦. Statute : 36 (2) (i) (c) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૧. આ જગ્યાઓ ભરવા માટે **PH** માટે કોઈ રિઝરવેશન રાખવામાં આવ્યું છે હા/ ના જો હા હોય તો માહિતી વિષયવાર માહિતી આપવી.

ઉત્તરઃ ૧૧૧. હાજી, જાહેરાતની નકલ આ સાથે **પરિશિષ્ટ : ' ૧૨ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ૧૨ ')**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ દ્વારા બસની ફાળવવામાં આવે છે?

(એ) બસ માટેના આવક ખર્ચ અંગેની કામગીરી કોના દ્વારા કરવામાં આવે છે?

(બી) બસ યુનિવર્સિટી દ્વારા પોતાના કોન્ટ્રાકટથી ચલાવવામાં આવે છે કે ખાનગીકરણે?

(સી) બસ યુનિવર્સિટી તરફથી હોય તો વિદ્યાર્થીઓ કે કર્મચારીઓને કોઈ લાભ (કન્શેસન)આપવામાં આવે છે?

ઉત્તરઃ ૧૧૨. હાજી, બસની ખરીદી માટે માનનીય સંસદશ્રીની ગ્રાન્ટ માંથી રૂા.૧૫ લાખ તથા યુનિવર્સિટી ગ્રાંટ માંથી રૂા.૨.૫૦ લાખ એમ કુલ રૂા.૧૭.૫૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(એ) યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.

(બી) યુનિવર્સિટી દ્વારા બસ કોન્ટ્રાકટર સાથે કોન્ટ્રાકટ(એમ.ઓ.યુ.)થી આપવામાં આવેલ છે.

(સી) વિદ્યાર્થીઓને પાસ આપવામાં આવે છે.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૩. રાજય સરકાર મંજૂર કરેલ જગ્યાઓ પૈકી કયા વિષયની કે કયા વિભાગમાં કેટલી જગ્યાઓ ભરવી એ કોના દ્વારા નકકી કરવામાં આવ્યું. આ જગ્યાઓ ભરવા માટે વિષય અનુસાર કે વિભાગ પ્રમાણે જો રાજય સરકારે સૂચવ્યું હોય તો તે પત્રની નકલ આપવી.

ઉત્તરઃ ૧૧૩. ઉત્તર : ૧૧૧ મુજબ.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૪. યુનિવર્સિટી દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન શૈક્ષણિક સ્ટાફ અને વહીવટી સ્ટાફોની ભરતી થઈ છે?

(એ) ભરતી કયારે કયા વર્ષમાં થઈ? ભરતી કરવા માટેની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા કયારે અને કેટલી વખત કરવામાં આવી તે કાગળો અને પત્ર વ્યવહારો કર્યા હોઈ તેની નકલ આપશો .

(બી) રાજય સરકારમાંથી ભરતી કરવા માટે કરેલ અત્રેના પત્ર વ્યવહારોમાંથી રાજય સરકાર દ્વારા મળેલ પરત પ્રત્યુત્તરની નકલો આપશો.

(સી) ભરતી કયાં પોસ્ટીગની કરવામાં આવી ટિચીગ કે નોન ટિચીગ?

(ડી) યુનિવર્સિટીમાં જો નોન ટિચીગ સ્ટાફની ભરતી કરવામાં આવી હોય તો કાયમી કર્મચારીઓ કરતા હંગામી કર્મચારીઓની સંખ્યા વધુ છે?

ઉત્તરઃ ૧૧૪. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૫. જો આ જગ્યાઓ વિષય પ્રમાણે કે વિભાગ પ્રમાણે યુનિવર્સિટી દ્વારા નકકી કરવામાં આવી હોય તો યુનિવર્સિટીનાં કયાં સત્તા મંડળ દ્વારા તે નકકી કરવામાં આવ્યું તેની વિગત આપવી અને જે તે સત્તા મંડળના ઠરાવની નકલ આપવી. (પ્રશ્ન : ૧૧૩ મુજબ)

ઉત્તરઃ ૧૧૫. સિન્ડિકેટના ઠરાવની નકલ આ સાથે **પરિશિષ્ટઃ ' ૧૩ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટઃ ' ૧૩ ')**

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૬. (અ) યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ફી ઉઘરાવવાનું કયા વર્ષથી કયા કારણે શરૂ કરવામાં આવ્યું?

(બ) કયા અધિકાર મંડળ દ્વારા કયારે મંજૂરી આપવામાં આવી?

(ક) અત્યાર સુધી કેટલી રકમ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ફી પેટે ઉઘરાવવામાં આવી. વર્ષ વાર આંકડા આપવા.

(ડ) અત્યાર સુધી ઉઘરાવવામાં આવેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ફીની સામે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(ઈ) યુનિવર્સિટીએ છેલ્લા ૫ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને આંતર યુનિવર્સિટીની રમત ગમત માટે મોકલ્યા? વિગતવાર માહિતી આપો? તે પેટે કુલ કેટલો ખર્ચ યુનિવર્સિટીએ કર્યો?

ઉત્તરઃ ૧૧૬. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૭. **MCA** વિભાગમાં નવી શૈક્ષણિક જગ્યા ભરતી માટે કોઈ જગ્યા ફાળવવામાં આવી છે ' હા ' કે ' ના ' જો ' હા ' હોય તો વિગત આપવી. આ જગ્યા ભરવા માટે **UGC** ના ધારા ધોરણ લાગુ પડે કે **AICTE** ના? જે લાગુ પડતાં હોય તેની પ્રમાણિત નકલ આપવી.

ઉત્તરઃ ૧૧૭. પ્રશ્ન અસ્પષ્ટ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૮. યુનિવર્સિટીના છેલ્લા ૫ વર્ષના કુલ બજેટના આંકડા આપવા.

(બ) છેલ્લા ૫ વર્ષના કુલ બજેટની સામે ખરેખર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(ક) છેલ્લા ૫ વર્ષના કુલ બજેટની સામે કુલ કેટલી રકમ વપરાયા વિના રહેલી છે? કયા કારણોસર વિગતે જણાવો.

ઉત્તરઃ ૧૧૮. માંગેલ માહિતી આ સાથે **પરિશિષ્ટઃ ' ૧૪ '** તરીકે સામેલ છે. **(પરિશિષ્ટઃ ' ૧૪ ')**

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧૯. આ પહેલાની શૈક્ષણિક જગ્યાઓની ભરતીઓ માટે **MCA**માં કયા નિયમો લાગુ પાડવામાં આવ્યા હતા તેની વિગત આપવી.

ઉત્તરઃ ૧૧૯. પ્રશ્ન અસ્પષ્ટ છે.

શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૨૦. – યુનિવર્સિટી દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી હાયર પેમેન્ટ ફીની રકમ કયા વર્ષથી કયા કારણોસર ઉઘરાવવાનું શરૂ કરવામાં આવ્યું છે?

(બ) કયા અધિકાર મંડળ દ્વારા કયારે મંજૂરી આપવામાં આવી?

(ક) અત્યાર સુધી કુલ કેટલી રકમ હાયર પેમેન્ટ ફી પેટે ઉઘરાવવામાં આવી, વર્ષવાર આંકડા આપવા.

(ડ) અત્યાર સુધી ઉઘરાવવામાં આવેલ હાયર પેમેન્ટ ફીની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

ઉત્તરઃ ૧૨૦. Statute : 36 (2) (i) (g) મુજબ પ્રસ્તુત પ્રશ્ન '**admissible**' ગણાયો નથી.

શ્રી ગણપતભાઈ બી. ધામેલિયાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૧૨૧ થી ૧૨૨)

પ્રશ્નઃ ૧૨૧. **MCA**માં **AICTE**ના શૈક્ષણિક જગ્યાઓની ભરતીઓમાં એઆઈસીટીના નિયમો સ્વીકારવામાં આવ્યા છે? ' હા ' કે ' ના '? ' હા ' તો કયારથી સ્વીકારવામાં આવ્યા છે?

ઉત્તરઃ ૧૨૧. પ્રશ્ન અસ્પષ્ટ છે.

પ્રશ્નઃ ૧૨૨. **AICTE** ના નિયમો સ્વિકાર્યા બાદ **MCA**માં કોઈ નિમણૂંક આ નિયમ વિરુદ્ધ થઈ છે? ' હા ' કે ' ના '.

ઉત્તરઃ ૧૨૨. પ્રશ્ન અસ્પષ્ટ છે.

૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સને ૨૦૧૩ – ૨૦૧૪ના વર્ષનો ૪૮મો વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>સિન્ડિકેટ તરફથી ડૉ.રાકેશ એન. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ.અપૂર્વ એ. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો સને ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ૪૮મો વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

:: **પ્રસ્તુત અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો.**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે તૈયાર કરી રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૪–૨૦૧૫નું સુધારેલ તથા સને ૨૦૧૫–૨૦૧૬નાં અંદાજપત્ર ૫૨ વિચારણા કરી મંજૂર કરવા બાબત.

<u>સિન્ડિકેટ તરફથી ડૉ.કિરણ એમ. પંડયાએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ.ઘનશ્યામ ડી. રાવલે ટેકો આપ્યો હતો.</u>

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સને ૨૦૧૪–૨૦૧૫નું સુધારેલ તથા સને ૨૦૧૫–૨૦૧૬ના અંદાજપત્ર ૫૨ સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

:: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે તૈયાર કરી રજૂ કરેલ યુનિવર્સિટીનું સને ૨૦૧૪–૨૦૧૫નું સુધારેલ તથા સને ૨૦૧૫–૨૦૧૬નાં અંદાજપત્ર વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યાં હતા.

<u>The V.N.S.G.U. Act. 1965:</u>
<u>SECTION - 51:</u>

"The Annual Report of the University shall be prepared under the direction of the SYNDICATE and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statute and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of reasons for taking no action."

❖ **<u>The Veer Narmad South Gujarat University Act - 1965:</u>**

<u>SECTION - 50:</u> **Annual Accounts and Financial Estimates**	**(3)**	The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimate for the ensuing year.
	(4)	The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolutions with reference there to and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or its reason for taking no action.

૫. સ્ટેટયુટ ૧૯૯ અન્વયે યુનિવર્સિટી સિન્ડિકેટના તા.૧૧–૨–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : ૩થી ચર્ચા વિચારણાને અંતે મંજૂર થયેલ યુનિવર્સિટીના સને ૨૦૧૩–૧૪ના નાણાંકીય વર્ષના હિસાબો ચકાસણી અંગેની સને ૨૦૧૪–૧૫ના વર્ષની બોર્ડ ઓફ એકાઉન્ટસના અધ્યક્ષશ્રીના આવેલા અહેવાલ તથા ભલામણો અને તેના પર કાર્યાલયે તૈયાર કરેલ જવાબો સેનેટમાં મંજૂર કરવા બાબત.

<u>સિન્ડિકેટ તરફથી શ્રી ધર્મેશભાઈ પી. શાહે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી સંજયકુમાર આઈ. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>

" સને ૨૦૧૩–૧૪ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ સિન્ડિકેટે મંજૂર કરેલ છે, જેને સેનેટની આ સભા વિચારણા કરી નોંધ લે છે.

:: **યુનિવર્સિટીનાં સને ૨૦૧૩–૧૪ના નાણાંકીય વર્ષનાં હિસાબોની ચકાસણી અંગેની સને ૨૦૧૪–૧૫ના વર્ષની બોર્ડ ઓફ એકાઉન્ટસનાં અધ્યક્ષશ્રીના આવેલા અહેવાલ તથા ભલામણો અને તેના પર કાર્યાલયે તૈયાર કરેલ જવાબો પરિશિષ્ટ : " ૧૫ " હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતા.**

(પરિશિષ્ટ : " ૧૫ ")

૬. યુનિવર્સિટીનાં સ્ટેટયૂટ ૨૯૧માં ડિપાર્ટમેન્ટ ઓફ લો નો સમાવેશ કરવા અંગે કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાએ તેની તા. ૦૮–૦૧–૨૦૧૩ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૦૧–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે અને સિન્ડિકેટે તેની તા.૧૪–૦૫–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૧ અન્વયે સ્વીકારેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ આ. ડૉ.વિક્રમભાઈ દેસાઈ પાસે રજૂ **(Move)** કરાવવો.

<u>કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૦૮–૧૦–૨૦૧૩ની સભાની ભલામણ ક્રમાંક : ૬</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સ્ટેટયૂટ ૨૯૧માં ડિપાર્ટમેન્ટ ઓફ લો નો સમાવેશ કરવા સર્વાનુમતે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૮–૦૧–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંક : ૪</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખા અન્વયેની અભ્યાસસમિતિઓ અને કાનૂન વિદ્યાશાખાની સંયુકત સભાની તા.૦૮–૧૦–૨૦૧૩ની સભાની ભલામણ ક્રમાંક : ૬ ને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

<u>સિન્ડિકેટની તા.૧૪–૦૫–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંક : ૨૧</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ ૨૯૧માં ડિપાર્ટમેન્ટ ઓફ લો આમેજ કરવા સેનેટને ભલામણ કરવી અને પ્રસ્તુત બાબત સેનેટની સભામાં આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ પાસે રજૂ (Move) કરાવવી.**

<u>STATUTE - 291</u>

25. Department of Law

<u>ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈએ રજૂ (Move) કર્યો હતો અને તેને આ. ડૉ. જયંત ઠાકોરભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સ્ટેટયુટ–૨૯૧માં ડિપાર્ટમેન્ટ ઓફ લો આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૭. સિન્ડિકેટની તા.૨૨–૦૨–૨૦૧૪ની ઠરાવ ક્રમાંક : ૧૦૮ **" આથી ઠરાવવામાં આવે છે કે, બેચલર ઓફ પર્ફોર્મીંગ આર્ટસ તથા બેચલર ઓફ ફાઈન આર્ટસનાં વિદ્યાર્થીઓ માટે DUAL DEGREEને મંજૂરી આપવા અંગેના શ્રી સંજયભાઈ દેસાઈ સિન્ડિકેટ સભ્યશ્રીએ કરેલ તા.૨૨–૦૨–૨૦૧૪નાં પત્રથી કરેલ વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી."** અંતર્ગત બેચલર ઓફ પર્ફોર્મીંગ આર્ટસ તથા બેચલર ઓફ ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓ માટે **DUAL DEGREE**ની મોડાલીટી નકકી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮ –૨૦૧૪ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક : ૨૦ અન્વયે કરેલ ભલામણ પર સિન્ડિકેટે તેની તા.૨૬/૦૮/ ૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૫ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી પાસે રજૂ **(Move)** કરાવવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૮–૨૦૧૪ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક : ૨૦</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓ માટે **DUAL DEGREE**ને મંજૂરી આપવા માટે ઓર્ડિનન્સ– ૪૩ મુજબ એક અંડર ગ્રેજયુએટ અને અનુસ્નાતક ડિગ્રી એક સાથે થઈ શકે પરંતુ ઓર્ડિનન્સ –૪૮ મુજબ ૭૫% હાજરી બંને અભ્યાસક્રમોમાં હોવી જોઈએ. બંને અભ્યાસક્રમની કોલેજોનાં સમય અલગ હોવા જોઈએ. કેસ ટુ કેસ ફેકલ્ટી ડીનનો અભિપ્રાય લઈ નિર્ણય કરવો.

વધુમાં બંને ડિગ્રીનાં સાથે અભ્યાસ માટેની મોડાલીટી નકકી કરવા તથા ઓર્ડિનન્સમાં સુધારા માટે આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવુ.

<u>સિન્ડિકેટની તા.૨૬–૦૮–૨૦૧૪ની સભામાં થયેલ ઠરાવ ક્રમાંક : ૪૫</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે O. 43 Aમાં નીચે મુજબ સુધારો કરવો તથા BFA (Bachelor of Fine Arts) અને BPA (Bachelor of Performing Arts) માટે જ ખાસ કિસ્સામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૪– ૨૦૧૫થી DUAL DEGREEના અભ્યાસ કરવાની મંજૂરી આપવી તથા O.43 Aને મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી. વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા સદર બાબત સેનેટમાં રજૂ (Move) કરવી**

O. 43 A

(1) A student may pursue one Diploma / Certificate course/ Degree Course simultaneously with any under graduate degree course (Regular / External) of this University when their study timings are different and subject to the conditions laid by the respective courses.

(2) A Student may pursue one P.G. Diploma / Diploma/Certificate course simultaneously with any post graduate (degree) course (Regular / External) of this University when their study timing are different and subject to the condition laid by the respective courses.

(3) A Student may pursue any two (PG Diploma / diploma/ Certificate) courses simultaneously provided such student is not pursuing any regular degree course of this University.

(4) A Student shall not be allowed to pursue LL.B. - B.Ed. course / professional degree course simultaneously with any other degree / PG. Diploma / Diploma /Certificate course or any other professional Course. However if the Apex professional Body permits, a student may simultaneously pursue study of any of these courses, subject to the conditions laid down by the university.

(5) A student may pursue any one Under Graduate Course / P.G. Course / P. G. diploma / Diploma / Certificate course simultaneously with M. Phil / Ph. D. degree course of this University and subject to the condition laid by the University.

(6) A Student found Committing examination malpractice in any of these courses, shall be debarred from the all courses he / she is pursuing.

(7) The student can pursue two courses simultaneously, as stated above, only from this University and not other University.

(8) While taking admission the student shall have to give declaration as to which other course he has taken admission.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટને પુનઃ વિચારણા અર્થે રિફર કરવામાં આવેલ છે.**

૮. સિન્ડીકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈ, શ્રીધરભાઈ નિમાવત અને ડૉ. કિરણભાઈ પંડયાના તા. ૫–૨–૨૦૧૫ના પત્રથી નીચેના અનુસ્નાતક અભ્યાસક્રમોના વિભાગોને સ્વતંત્ર દરજ્જો આપવાની વિનંતી કરેલ હોય જે વિનંતી એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૩–૨૦૧૦ના ઠરાવ ક્રમાંક (૧૦) તેમજ સિન્ડીકેટની તા. ૮–૪–૨૦૧૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૧) અન્વયે મંજૂર કરી સ્ટેટયુટ (૨૯૧) માં આમેજ કરવા ઠરાવેલ હોય જે ભલામણ સેનેટની તા. ૨૯–૩–૨૦૧૨ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૭) થી Withdraw કરવામાં આવતા સદરહુ બાબત સિન્ડીકેટ સમક્ષ પુનઃ રજુ કરતા સિન્ડીકેટની તા.૧૧– ૨–૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૨) થી નીચે મુજબ ઠરાવ કરેલ હોય જે અવલોકનમાં લેતા સ્ટેટયુટ (૨૯૧)ના અનુક્રમ નંબર (૧૫) થી ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી અને અનુક્રમ નંબર (૧૯) થી ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી નામનો ઉમેરો કરવા અને બન્ને ડિપાર્ટમેન્ટોને સ્વતંત્ર દરજ્જો આપવાની મંજૂરી આપવા સેનેટને ભલામણ કરેલ હોય જે ભલામણ પર વિચારણા કરવા અંગે.

ક્રમ	અભ્યાસક્રમનું નામ	ડીપાર્ટમેન્ટનું નામ
૧	M.Sc.(IT&ICT)	ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી
૨	M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ	ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અન્વયે સબંધિત સ્ટેટયુટમાં નીચે પ્રમાણે ઉમેરો કરવો.

(૧) પ્રવર્તમાન સ્ટેટયુટ ૨૯૧ની અંદર અનુક્રમ નંબર–૧૫ ઉપર ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી નામનો ઉમેરો કરવો અને સદર ડિપાર્ટમેન્ટના કાર્યક્ષેત્ર હેઠળ M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમો શીખવવામાં આવશે.

(૨) પ્રવર્તમાન સ્ટેટયુટ ૨૯૧ની અંદર અનુક્રમ નંબર–૧૯ ઉપર ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી નામનો ઉમેરો કરવો અને સદર ડિપાર્ટમેન્ટના કાર્યક્ષેત્ર હેઠળ M.Sc. (IT&ICT)નો અભ્યાસક્રમ શીખવવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતના કોઠામાં જણાવેલ

<u>અનુક્રમ નં. ૧</u> M.Sc.(IT&ICT) ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો પાઠ સેનેટ સભ્યશ્રી ડૉ.અપૂર્વ એ. દેસાઈ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરાવવો.

<u>અનુક્રમ નં. ૨</u> M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમનો પાઠ સેનેટ સભ્યશ્રી આ. ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરાવવો.

ઉપરોકત બન્ને ડિપાર્ટમેન્ટોને સ્વતંત્ર દરજ્જો આપવા જરૂરી મંજૂરી માટે સેનેટને ભલામણ કરવામાં આવે છે.

નોંધ : **(૧) M.Sc.(IT&ICT) ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો પાઠ સેનેટ સભ્યશ્રી ડૉ.અપૂર્વ એ. દેસાઈ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરશે.**

(૨) M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમનો પાઠ સેનેટ સભ્યશ્રી આ. ડૉ. અશ્વિનભાઈ એસ. પટેલ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરશે.

STATUTE - 291નો ક્રમ હાલની પરિસ્થિતિને જોતા નીચે મુજબ રહેશે.

<u>STATUTE - 291</u>

26. Department of Information & Communication Technology
27. Department of Biotechnology

<u>ઉપરોકત ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.અપૂર્વ એ. દેસાઈએ રજૂ (Move) કર્યો હતો અને તેને આ.ડૉ.અશ્વિન એસ. પટેલે ટેકો આપ્યો હતો તથા ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીનો પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી આ.ડૉ.અશ્વિન એસ. પટેલે રજૂ (Move) કર્યો હતો અને તેને ડૉ.અપૂર્વ એ. દેસાઈએ ટેકો આપ્યો હતો.</u>

:: ચર્ચા વિચારણાને અંતે સ્ટેટયુટ–૨૯૧માં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી તથા ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી આમેજ કરવા તથા આ બન્ને ડિપાર્ટમેન્ટોને સ્વતંત્ર દરજ્જો આપવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.

૯. ભારતીય તેમજ વિદેશોમાં કોર્પોરેટ ક્ષેત્રે મળેલ વિવિધ સિધ્ધીઓ/પુરસ્કારો અને સન્માનો હાંસલ કરનાર શ્રી અનિલ મણીભાઈ નાયકને " ડોકટર ઓફ લેટર્સ " (ડી. લીટ)ની માનદ પદવી એનાયત કરવા અંગે સિન્ડીકેટ તારીખ તા.૧૧–૦૨–૨૦૧૫ ઠરાવ ક્રમાંક : ૨૫ અનવ્યે સર્વાનુમતે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત

:: **સિન્ડીકેટ તારીખ તા.૧૧–૦૨–૨૦૧૫ ઠરાવ ક્રમાંક : ૨૫**

પ્રસ્તુત બાબતની દરખાસ્ત સેનેટ સમક્ષ શ્રી સંજયભાઈ દેસાઈ પાસે રજૂ (MOVE) કરાવવી. પ્રસ્તુત બાબતની વિચારણા સમયે ચૌદ (૧૪) સિન્ડિકેટ સભ્યો હાજર હતા.

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી શ્રી સંજયભાઈ દેસાઈએ રજૂ (Move) કર્યો હતો અને તેને આ.ડૉ. વિપિનકુમાર ડી. નાયકે ટેકો આપ્યો હતો.

:: **શ્રી અનિલ મણીભાઈ નાયકને "ડોકટર ઓફ લેટર્સ" (ડી.લીટ.)ની માનદ પદવી એનાયત કરવા માટે સેનેટ સભ્ય શ્રી સંજયભાઈ દેસાઈએ મૂકેલી દરખાસ્તને** Act (46)**ની જોગવાઈ મુજબ હાજર રહેલા (૭૨) સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

૧૦. કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન અને હોમિયોપેથીક વિદ્યાશાખાઓમાં Master of Philosophy (M.Phil.) VG [Doctor of Philosophy (Ph.D.)ની પદવીઓ પ્રવર્તમાન સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ઠરાવ ક્રમાંકઃ ૯૪

: : આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન અને હોમિયોપેથીક વિદ્યાશાખામાં પ્રવર્તમાન સ્ટેટયૂટ–૨૨૯માં Master of Philosophy (M.Phil.) VG [Doctor of Philosophy (Ph.D.)ની પદવીઓનો સમાવેશ થયેલ નથી. યુ.જી.સી.ની ગાઈડલાઈન પ્રમાણે સ્ટેટયૂટ ૨૨૯માં તે હોવું જરૂરી હોઈ, આ પદવીઓ સ્ટેટયૂટ ૨૨૯માં આ સાથે સૂચિત સ્ટેટયૂટ ૨૨૯ના પાઠ પ્રમાણે આમેજ કરવા મંજૂરી આપવામાં આવે છે.

સિન્ડિકેટ તા. ૩–૩–૨૦૧૫ ઠરાવ ક્રમાંકઃ ૪૧

: : આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩–૨–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૪ અન્વયે (૧) Master of Philosophy (M.Phil.) અને (૨) Doctor of Philosophy (Ph.D.)ની પદવીઓ પ્રવર્તમાન સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા કરેલ ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવે છે અને સેનેટને તે મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

પ્રસ્તુત બાબત સેનેટની સભામાં ડો. અપૂર્વભાઈ એ. દેસાઈ પાસે રજૂ **(MOVE)** કરાવવી.

STATUTE - 229

11. Faculty of Computer Science & Information Technology

10.	**Master of Philosophy**	**(M.Phil.)**
11.	**Doctor of Philosophy**	**(Ph.D.)**

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.અપૂર્વ એ. દેસાઈએ રજૂ (Move) કર્યો હતો અને તેને ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલે ટેકો આપ્યો હતો.

:: **ચર્ચા વિચારણાને અંતે સ્ટેટયુટ–૨૨૯માં ઉપરોકત પદવીઓ આમેજ કરવા અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૧૧. એકેડેમિક કાઉન્સિલને તેની તા. ૧૦–૦૫–૨૦૧૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૦ અન્વયે બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન કોમર્સનાં ત્રણ અલગ બોર્ડ બનાવવા માટે તથા આનુષાંગિક નિયમો અને સ્ટેટયૂટમાં સુધારા કરવા નીમેલ પેટાસમિતિએ તેની તા.૧૫–૦૧–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૧ અન્વયે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૭ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ હતી, જે **સિન્ડિકેટે તેની તા. ૦૩–૦૨–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬૬ અન્વયે એકેડેમિક કાઉન્સિલને રીફર કરેલ હતી. પ્રસ્તુત બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૬/૦૬/૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે નીચે મુજબ સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા.૨૫–૦૬–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૫ અન્વયે નીચે મુજબ સ્વીકારેલ છે, જે અંગે એકેડેમિક કાઉન્સિલે તેની ૧૩–૦૨–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ **આ.ડૉ.જે.એમ.નાયક પાસે રજૂ (Move)** કરાવવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૦૬–૦૬–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંક : ૧૦</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન કોમર્સનાં ત્રણ અલગ બોર્ડ બનાવવા માટે તથા આનુષાંગિક નિયમો અને સ્ટેટયૂટમાં સુધારા કરવા નીમેલ પેટાસમિતિએ તેની તા. ૧૫–૦૧–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૦૧–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૭ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૦૩–૦૨–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬૬ અન્વયે એકેડેમિક કાઉન્સિલને રીફર કરેલ, જેમાં નીચે મુજબનાં સુધારા વધારા કરેલ છે જે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

સ્ટેટયૂટ–૧૨૦ માં પેરા (19) નીચે મુજબ ઉમેરવો.

<u>(19) Faculty of Commerce and Management Studies</u>

(89) Finance including Banking and Insurance

(90) Marketing Management

(91) Human Resource Management

વધુમાં સ્ટેટયૂટ–૧૨૪માં આનુષાંગિક સુધારો જરૂરી હોય તેને નીચે મુજબ સુધારવા સમિતિ ભલામણ કરે છે.

<u>હાલનો Statute 124</u>

The Registrar shall convene the Second meeting of each Board of Studies within ten days after the first meeting for the purpose of electing (i) its Chairman and (ii) one representative from among its members on the Faculty to which the Board belongs.

Proposed Statute 124

The Registrar shall convene the Second meeting of each Board of Studies within ten days after the first meeting for the purpose of electing (i) its Chairman and

(ii) one representative from among its members on each of the Faculties **with** which the Board **is connected.**

In the cases where a Board is connected with more than one Faculty, the chairman within 10 days from becoming the chairman, shall select one of the Faculties with which the Board is connected and shall intimate in writing to the Registrar about his/ her selection. If he/ she fail to make such selection the syndicate shall assign to him any one of such Faculties. A selection or assignment so made shall be irrevocable for the entire term.

સિન્ડિકેટની તા.૨૫–૦૬–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંક : ૬૫

:: આથી ઠરાવવામાં આવે છે કે,

સ્ટેટયૂટ–૧૨૦ માં પેરા (19) નીચે મુજબ ઉમેરવો.

(19) Faculty of Commerce and Management Studies

(89) Finance including Banking and Insurance

(90) Marketing Management

(91) Human Resource Management

વધુમાં સ્ટેટયૂટ–૧૨૪માં આનુષાંગિક સુધારો જરૂરી હોય તેને નીચે મુજબ સુધારવા સમિતિ ભલામણ કરે છે.

Proposed Statute 124

The Registrar shall convene the Second meeting of each Board of Studies within ten days after the first meeting for the purpose of electing (i) its Chairman and

(ii) one representative from among its members on each of the Faculties **with** which the Board **is connected.**

ઉપર પ્રમાણે નિર્દેશિત પેરા જ સ્ટેટયૂટ ૧૨૪માં લેવા અંગે સિન્ડિકેટે કરેલા સુધારા મુજબ સ્ટેટયૂટ ૧૨૪ એકેડેમિક કાઉન્સિલની પુનઃવિચારણા માટે મોકલવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૩–૦૨–૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૫–૦૬–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંક : ૬૫ અન્વયે સુધારેલ સ્ટેટયૂટ ૧૨૦ અને ૧૨૪ સ્વીકારવામાં આવે છે. અને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨૮</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૫–૦૬–૨૦૧૪ની સિન્ડિકેટની સભાની ભલામણ ક્રમાંક : ૬૫ મુજબ નીચે પ્રમાણે સુધારેલ સૂચિત સ્ટેટયૂટ ૧૨૦ અને ૧૨૪ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩–૦૨–૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારવામાં આવે છે અને સેનેટને તે મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.**

સ્ટેટયૂટ–૧૨૦ માં પેરા (19) નીચે મુજબ ઉમેરવો.

<u>(19) Faculty of Commerce and Management Studies</u>

(89) Finance including Banking and Insurance

(90) Marketing Management

(91) Human Resource Management

વધુમાં સ્ટેટયૂટ–૧૨૪માં આનુષાંગિક સુધારો જરૂરી હોય તેને નીચે મુજબ સુધારવા સમિતિ ભલામણ કરે છે.

<u>Proposed Statute 124</u>

The Registrar shall convene the Second meeting of each Board of Studies within ten days after the first meeting for the purpose of electing (i) its Chairman and (ii) one representative from among its members on each of the Faculties **<u>with</u>** which the Board **<u>is connected.</u>**

પ્રસ્તુત બાબત સેનેટની સભામાં આ.ડૉ.જે. એમ. નાયક પાસે રજૂ (Move) કરાવવી.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે આ.ડૉ.વી. ડી. નાયકની દરખાસ્તને શ્રી સંજયભાઈ દેસાઈએ ટેકો આપતા સિન્ડિકેટ/ એકેડેમિક કાઉન્સિલને સર્વાનુમતે defer કરવામાં આવેલ છે.**

૧૨. હરી જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રીના તા.૩૦/૦૯/૨૦૧૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે ઓપ્ટોમેટ્રીની સ્થાપના ૨૦૦૫માં થઈ હતી અને ૨૦૧૦ ની સાલમાં એમ.ઓપ્ટોમેટ્રી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો સન ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીમાં બી.ઓપ્ટોમેટ્રીના કુલ ૬ બેચ તેમજ એમ.ઓપ્ટોમેટ્રીના ત્રણ બેચ બહાર પડેલ છે. હાલમાં ઓપ્ટોમેટ્રી એડહોક બોર્ડ છે તેને રેગ્યુલર બોર્ડ કરવા અંગે ઓપ્ટોમેટ્રી વિષયની એડહોકસમિતિની ૨૩/૦૨/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨ તબીબી વિદ્યાશાખાએ તેની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે નીચે મુજબ સ્વીકારેલ છે, જે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા કરેલ ભલામણ **સિન્ડિકેટે તેની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૪ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ **ડૉ.ધનેશભાઈ વૈદ્ય પાસે રજૂ (Move)** કરાવવો.

<u>ઓપ્ટોમેટ્રી વિષયની એડહોક કમિટિની તા.૨૩/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં ઓપ્ટોમેટ્રી એડહોક કમિટિ છે. તેને રેગ્યુલર બોર્ડ કરી સ્ટેટયૂટ–૧૨૦માં ફેકલ્ટી ઓફ મેડીસીન હેઠળ ઉમેરી આમેજ કરવા તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

<u>તબીબી વિદ્યાશાખાની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૩</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઓપ્ટોમેટ્રીની એડહોક કમિટિને રેગ્યુલર બોર્ડ કરી સ્ટેટયૂટ–૧૨૦નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.**

<u>STATUTE - 120</u>

<u>(6) FACULTY OF MEDICINE</u>

Optometry

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૦૨/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૩</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની તા. ૨૪/૦૨/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૩નો યથાવત સ્વીકાર કરી તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૩૪</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાએ તેની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંકઃ ૩ અન્વયે સ્ટેટયુટ–૧૨૦માં નીચે મુજબ સુધારો કરવા કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫/૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૧૩ અન્વયે સ્વીકારવા કરેલ ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવે છે અને તે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવામાં આવે છે.**

STATUTE - 120

<u>(6) FACULTY OF MEDICINE</u>

Optometry

પ્રસ્તુત બાબત સેનેટની સભામાં ડૉ.ધનેશભાઈ વૈદ્ય પાસે રજૂ (Move) કરાવવી.

(નોંધ : પ્રસ્તુત બાબત અંગે મેજર ઉન્મેષભાઈ પંડયા, શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય, શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા, શ્રી પરેશ રમેશભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકરે વાંધો નોંધાવેલ છે.)

<u>ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી ડૉ.ધનેશભાઈ વૈદ્યએ રજૂ (Move) કર્યો હતો અને તેને ડૉ.ઘનશ્યામ ડી. રાવલે ટેકો આપ્યો હતો.</u>

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સિન્ડિકેટની તા.૦૩–૦૩–૨૦૧૫ની ઉપરોકત ભલામણ ક્રમાંકઃ૩૪નો યથાવત સ્વીકાર કરી માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ છે.**

૧૩. **બી.બી.એ. કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મૂકવા અંગે સિન્ડિકેટે તેની તા.૧૧–૦૨–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૯૦ અન્વયે ઠરાવેલ છે. તેમજ બી.બી.એ. પ્રોગ્રામને કોમર્સ ફેકલ્ટીને બદલે મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મૂકવા અંગે બી.બી.એ. કોલેજો ધ્વારા કરવામાં આવેલ રજૂઆત અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૬–૦૬–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંક : ૮ અન્વયે પ્રસ્તુત બાબત કોમર્સ અને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મૂકવા ઠરાવેલ હોય વાણિજય વિદ્યાશાખાએ તેની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાની બાબત ક્રમાંક : ૨ અને ૩ ની ભેગી વિચારણા કરી તે અન્વયે કરેલ નીચેની ભલામણ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે, જે સિન્ડિકેટે તેની તા. ૦૩/૦૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૫ અન્વયે નીચે મુજબ સ્વીકારેલ હોય તે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

પ્રસ્તુત બાબત સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ **શ્રી શ્રીધર નિમાવત પાસે રજૂ (Move)** કરાવવી.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંક : ૫૦</u>

"સદર કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મુકવો વધુ યર્થાથ જણાય છે આથી તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા વધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. "

<u>સિન્ડિકેટની તા. ૦૪–૦૧–૨૦૦૭ ની બાબત ક્રમાંક : ૩૬</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬નાં ઠરાવ ક્રમાંક : (૫૦)નો સ્વીકાર કરવો અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા કરી સેનેટને ભલામણ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા. ૧૧–૦૨–૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨૯</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨– ૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૦ તથા સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭ની બાબત ક્રમાંક : ૩૬થી પાસ થયેલ હોય તેથી સૈધ્ધાંતિક સ્વીકાર કરવો. સદર સભ્યશ્રીઓએ રજુ કરેલ સ્ટેટયુટસ ૧૦૬, ૧૨૦, ૨૨૯માં કરેલા સુધારા પરિશિષ્ટઃ " " મુજબ મંજૂરી અર્થે એકેડેમિક કાઉન્સિલને રીફર કરવા. એકેડેમિક કાઉન્સિલની વિચારણા બાદ તા.૨૬/૨૭–૩–૨૦૧૫ની સેનેટમાં રજૂ કરવા સિન્ડિકેટ વતી મંજૂર કરી સેનેટમાં રજુ** (Move) કરનારનું નામ નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩/૦૨/૨૦૧૫ની સભાનો ઠરાવ ક્રમાંક : ૯૦</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૪/૦૨/૨૦૧૫ના રોજ કોમર્સ અને મેનેજમેન્ટ ફેકલ્ટીની મિટીંગ રાખવી. અને તા. ૨૫/૦૨/૨૦૧૫ ના રોજ એકેડેમિક કાઉન્સિલની સભા મળશે.**

<u>વાણિજય વિદ્યાશાખાની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાની બાબત ક્રમાંક : ૨ અને ૩ની સંયુકત ભલામણ</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : (૨) અને (૩) ને સાથે વિચારણામાં લઈ ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

ગુજરાત રાજયની આપણી યુનિવર્સિટી સિવાયની લગભગ તમામ યુનિવર્સિટીઓમાં વાણિજય વિદ્યાશાખા અને મેનેજમેન્ટ ફેકલ્ટી અલગ નથી. વાણિજય વિદ્યાશાખામાંથી મેનેજમેન્ટ ફેકલ્ટી છૂટી પડયા પછી કોઈ ખાસ શૈક્ષણિક અને સંશોધન સંબંધિત હેતુઓ સિધ્ધ થયા હોય તેવું પ્રતિત થતું નથી. અને વાણિજય વિદ્યાશાખાનું તે સમયનું એક માત્ર અનુસ્નાતક ભવન છુટૂ પડી ગયા પછી વાણિજયનું સ્વનિર્ભર અનુસ્નાતક ભવનની સ્થાપના કરાયાના પાંચ વર્ષ પછી પણ એક પણ કાયમી અધ્યાપકની નિમણૂંક થયેલ નથી. અને તેથી વાણિજય વિદ્યાશાખાની સંશોધનની પ્રવૃતિને ગંભીર અસર થયેલ છે તે બાબતે આજની આ સભા ઉડી ચિંતા વ્યકત કરે છે અને આ બંને વિદ્યાશાખાઓને ફરી ભેગી કરવા માટે અને વાણિજયના સ્વનિર્ભર અનુસ્નાતક ભવનને મેનેજમેન્ટના અનુસ્નાતક ભવનમાં ભેળવી દેવા માટે અનુરોધ કરવાનું આથી સર્વાનુમતે ઠરાવે છે.

ઉપરોકત હકીકત છતાં યુનિવર્સિટીના અન્ય અધિકાર મંડળો બંને વિદ્યાશાખાઓને અલગ રાખવા માંગતા હોય અને બી.બી.એ. પ્રોગ્રામને વાણિજય વિદ્યાશાખામાંથી મેનેજમેન્ટ વિદ્યાશાખામાં તબદીલ કરવા માંગતા હોય તો તેમને નીચે મુજબનો અનુરોધ કરવાનું સર્વાનુમતીએ ઠરાવવામાં આવે છે.

અત્યારે બી.બી.એ. પ્રોગ્રામ વાણિજય વિદ્યાશાખામાં ચલાવવા માટે આ પ્રોગ્રામના સ્ટ્રકચરને લગતા તથા અન્ય સંબંધિત રૂલ્સ એન્ડ રેગ્યુલેશનન્સ સહિતની તમામ વૈધાનિક જોગવાઈઓ યુનિવર્સિટીના અધિકાર મંડળોમાંથી પસાર કરાવીને કરવામાં આવેલ છે. સ્ટેટયૂટ–૨૨૯ માં બી.બી.એ. ડીગ્રીને વાણિજય વિદ્યાશાખામાંથી રદ કરી મેનેજમેન્ટ ફેકલ્ટીમાં સમાવવા માટેનો સુધારો કરી તેને અમલમાં મૂકતાં પહેલાં સ્ટેટયૂટ–૧૦૬, ૧૨૦ અને અન્ય સંબંધિત સ્ટેટયૂટમાં વૈધાનિક અધુરપ નહીં રહે અને ગૂંચવણો ઉભી નહીં રહે તે રીતે સુધારવા જરૂરી છે અને તે માટે મેનેજમેન્ટ ફેકલ્ટી ધ્વારા બી.બી.એ. પ્રોગ્રામના સ્ટ્રકચરને લગતા રૂલ્સ–રેગ્યુલેશનન્સ સહિત તમામ સંબંધિત રૂલ્સ–રેગ્યુલેશન પસાર કરવા અને અધિકાર મંડળોમાંથી પસાર કરાવવા જરૂરી છે. ત્યારબાદ અન્ય સંબંધિત તમામ સ્ટેટયૂટસ અને ઓર્ડિનન્સને અંતિમ સ્વરૂપ આપ્યા પછી જ સ્ટેટયૂટ–૨૨૯ માં બી.બી.એ. પ્રોગ્રામને વાણિજય વિદ્યાશાખામાંથી મેનેજમેન્ટ ફેકલ્ટીમાં તબદીલ કરવાનો સુધારો કરી શકાય તેથી તેમ કરવા માટે અને વાણિજયના અનુસ્નાતક ભવનને શુદ્રઢ કરી સંશોધનની પ્રવૃતિને વેગ મળે તે માટેના તાકીદના પગલાંઓ લેવા માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને અનુરોધ કરવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૧૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો પેરા –૧ને નામંજુર કરવામાં આવે છે. તેમજ સેનેટની તા.૩૦–૦૩–૨૦૦૩નો ઠરાવ તથા એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ ૫૦, સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ(૩૬)તા.૧૧–૦૨ –૨૦૧૫ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંકઃ (૨૯) તથા એકેડેકમિક કાઉન્સિલની તા.૧૩–૦૨ –૨૦૧૫ ઠરાવ ક્રમાંકઃ(૯૦) બી.બી.એ.નાં કોર્ષને કોમર્સ ફેકલ્ટીમાંથી મેનેજમેન્ટ ફેકલ્ટીમાં આમેજ કરવા બહુમતીએ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તમામ ફેકલ્ટીએ પોતાના કાર્યક્ષેત્રમાં રહી કાર્યવાહી કરવી.

<u>સિન્ડિકેટની તા. ૦૩/૦૩/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૩૫</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૧૫ અન્વયે બી.બી.એ. કોર્ષને કોમર્સ ફેકલ્ટી માંથી મેનેજમેન્ટ ફેકલ્ટીમાં આમેજ કરવા સર્વાનુમતે કરેલ ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવે છે અને સેનેટને તે મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે. પ્રસ્તુત બાબત સેનેટની સભામાં શ્રી શ્રીધર નિમાવત પાસે રજૂ (Move) કરાવવી.

(નોંધ :પ્રસ્તુત બાબત અંગે મેજર ઉન્મેષભાઈ પંડયા, શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય, શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા, શ્રી પરેશ રમેશભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકરે વાંધો નોંધાવેલ છે.)

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે આ.ડૉ.વી. ડી. નાયકની દરખાસ્તને શ્રી સંજયભાઈ દેસાઈએ ટેકો આપતા સિન્ડિકેટ/ એકેડેમિક કાઉન્સિલને સર્વાનુમતે defer કરવામાં આવેલ છે.

૧૪. **બી.બી.એ. કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મૂકવા અંગે સિન્ડિકેટે તેની તા.૧૧–૦૨–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૩/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૯૦ અન્વયે નીચે મુજબ ઠરાવેલ હોય સ્ટેટયૂટ–૧૦૬, સ્ટેટયૂટ–૧૨૦ અને સ્ટેટયૂટ–૨૨૯ અંગે મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની સંયુકત સભાએ તેની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૫/ ૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬ અન્વયે સ્વીકારી તે અંગે કરેલ નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૬ અન્વયે સ્વીકારી તે મંજૂર કરવા સેનેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

પ્રસ્તુત બાબત સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ **શ્રી શ્રીધર નિમાવત પાસે રજૂ (Move)** કરાવવી.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંક : ૫૦</u>

"સદર કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મુકવો વધુ યર્થાથ જણાય છે આથી તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા વધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. "

<u>સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭ ની બાબત ક્રમાંક : ૩૬</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬નાં ઠરાવ ક્રમાંક : (૫૦)નો સ્વીકાર કરવો અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા કરી સેનેટને ભલામણ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા.૧૧–૦૨–૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨૯</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨– ૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૦ તથા સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭ની બાબત ક્રમાંક : ૩૬થી પાસ થયેલ હોય તેથી સૈધ્ધાંતિક સ્વીકાર કરવો. સદર સભ્યશ્રીઓએ રજુ કરેલ સ્ટેટયુટસ ૧૦૬, ૧૨૦, ૨૨૯માં કરેલા સુધારા પરિશિષ્ટઃ " " મુજબ મંજૂરી અર્થે એકેડેમિક કાઉન્સિલને રીફર કરવા. એકેડેમિક કાઉન્સિલની વિચારણા બાદ તા.૨૬/૨૭–૩–૨૦૧૫ની સેનેટમાં રજૂ કરવા સિન્ડિકેટ વતી મંજૂર કરી સેનેટમાં રજુ (Move) કરનારનું નામ નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૩/૦૨/૨૦૧૫ની સભાનો ઠરાવ ક્રમાંક : ૯૦</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૪/૦૨/૨૦૧૫ના રોજ કોમર્સ અને મેનેજમેન્ટ ફેકલ્ટીની મિટીંગ રાખવી અને તા. ૨૫/૦૨/૨૦૧૫ ના રોજ એકેડેમિક કાઉન્સિલની સભા મળશે.**

<u>મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૨૪/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટની તા.૩૦–૦૩–૨૦૦૩નો ઠરાવ તથા એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ ૫૦ તથા તા.૦૪–૦૧–૨૦૦૭ની બાબત ક્રમાંક : ૩૬ તથા હાલની તા.૧૧–૦૨–૨૦૧૫ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંકઃ ૨૯ને ધ્યાનમાં લેતા બી.બી.એ.ને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં સામેલ કરવાના ઠરાવને ધ્યાનમાં લઈ સદર સિન્ડિકેટમાં રજૂ કરાયેલ સ્ટેચ્યુટમાં સુધારા તથા તા.૧૩–૦૨–૨૦૧૫ની એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવામાં આવેલ સુધારેલા સ્ટેચ્યુટ આજની મેનેજમેન્ટ ફેકલ્ટી તથા મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભા સદર સ્ટેચ્યુટને મંજુર કરે છે અને આગામી એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૦૨–૨૦૧૫ની મીટીંગમાં મંજુરી અર્થે રજૂ કરવા ઠરાવવામાં આવે છે.**

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૧૬</u>

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સેનેટની તા.૩૦–૦૩–૨૦૦૩નો ઠરાવ તથા એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ ૫૦, સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : ૩૬, તા.૧૧–૦૨–૨૦૧૫ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંકઃ ૨૯ તથા એકેડેકમિક કાઉન્સિલની તા.૧૩–૦૨–૨૦૧૫ ઠરાવ ક્રમાંક : ૯૦ અન્વયે આથી ઠરાવવામાં આવે છે કે, બી.બી.એ.નો કોર્ષ હાલ કોમર્સ ફેકલ્ટીમાં ચાલે છે તેને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં આમેજ કરવો અને તે અંગેની જોગવાઈ આમેજ કરવા સ્ટેટચ્યુટ ૧૦૬,૧૨૦, ૨૨૯ પરિશિષ્ટ–૩માં આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેનો પ્રસ્તાવ શ્રી સંજયભાઈ દેસાઈએ રજૂ કર્યો અને શ્રી ઘનશ્યામભાઈ રાવલએ પ્રસ્તાવને ટેકો આપ્યો હતો જે પ્રસ્તાવ બહુમતીએ પાસ કરી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટની તા.૦૩/૦૩/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૩૬</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૫/૦૨/૨૦૧૫ની સભાની ભલામણ ક્રમાંક : ૧૬ અન્વયે બી.બી.એ. કોર્ષને કોમર્સ ફેકલ્ટી માંથી મેનેજમેન્ટ ફેકલ્ટીમાં આમેજ કરવો અને તે અંગેની જોગવાઈ આમેજ કરવા સ્ટેટયુટ–૧૦૬, ૧૨૦ અને ૨૨૯ પરિશિષ્ટમાં આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કરેલ ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવે છે અને સેનેટને તે મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે. પ્રસ્તુત બાબત સેનેટની સભામાં શ્રી શ્રીધર નિમાવત પાસે રજૂ (Move) કરાવવી.**

(નોંધ : પ્રસ્તુત બાબત અંગે મેજર ઉન્મેષભાઈ પંડયા, શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય, શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા, શ્રી પરેશ રમેશભાઈ પટેલ, શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકરે વાંધો નોંધાવેલ છે.)

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતે આ.ડૉ.વી. ડી. નાયકની દરખાસ્તને શ્રી સંજયભાઈ દેસાઈએ ટેકો આપતા સિન્ડિકેટ/એકેડેમિક કાઉન્સિલને સર્વાનુમતે defer કરવામાં આવેલ છે.**

૧૫. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં તથા અનુસ્નાતક વિભાગમાં ફરજ બજાવતા યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સ્ટાફને ઓ. (૧૦૮)ની જોગવાઈ મુજબ પીએચ.ડી. સંશોધન અભ્યાસની માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલની તા.૧૩/૦૨/૨૦૧૫નો ઠરાવ નં.(૫)થી કરેલ ભલામણને સિન્ડિકેટની તા.૩/૩/૨૦૧૫ ની સભાના ઠરાવ નં. (૨૪) થી ઓર્ડિનન્સ ૦.૧૦૮ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે. જેની જાણ યુનિવર્સિટી એકટ ની જોગવાઈ ૩૨(૩) મુજબ જાણ કરવા અંગે .

Ordinance –108 : (Approved by Syndicate on its meeting dt 3-3-15 Res. No.(24)

(I) IN THE FACULTIES OF ARTS, SCIENCE, COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY, MANAGEMENT, EDUCATION, COMMERCE, RURAL STUDIES AND LAW.

(A) A Teacher to be recognized as a supervising Teacher for the Ph. D. degree in a subject shall have the following qualifications.

A Teacher having Ph.D. Degree and posses any of the following, criteria, shall be eligible to recognize as Ph.D. guide (supervising teacher) Paper Publication, Post Graduate Teaching Experience and Experience as M. Phil. Guide should be consider as a basic criteria in following combination.

Criteria	Paper Publication Minimum of	P.G. Teaching Experience	Awarded M. Phil. Student
1	2	5	3
2	3	7	0
3	5	5	0
4	1	9	0

Fulfilling of any one of the above criteria is sufficient for the eligibility.

(1) For Education faculty experience of B.Ed. is counted equivalent to post graduation teaching provided that he / she is recognized P. G. Teacher.

(2) For the faculty of Arts, Science & Commerce the concerned publication be published or accepted for publication in recognized Journals.

(B) Notwithstanding anything contained above, following categories of teacher who are on the staff of any post graduate department of this University shall be deemed to be recognized as Supervising teacher for the Ph.D. degree their own subject;

1. A Professor and
2. An Associate Professor having five years experience of teaching Post-Graduate classes.

Note : Provision regarding five years experience of teaching Post-Graduate classes shall not apply to the readers who were already in the staff of the University before this amendment came into force and were recognized as supervising teachers for the Ph.D. Degree in their respective subject.

(II) IN THE FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING :

For recognition as a supervising Teacher for the Ph.D. degree in Engineering, a teacher shall be required to satisfy the following condition in respect of teaching experience and research work in addition to the requirements Post-Graduate teacher for M.E. Degree.

BASIC DEGREE	Master's Degree in the Subject	Ph.D. Degree in the Subject	Teaching Experience		OTHERS
			Total years at Degree level	P. G.	
1	2	3	4	5	6
I or II	I or II	---	5	3	He should have research papers of high standard.
---	---	Ph. D.	5	2	Published or accepted for publication in recognized Journals.

(III) IN THE FACULTY OF MEDICINE :

A Qualified Post-Graduate teacher under O.109 (iii) may be recognized as a Supervising Teacher for research in his subject, Provided he has to his credit Published research work of a recognized eminence and provided further that he has not less than 10 years teaching and research experience after obtaining his Post-Graduate qualifications and has not less than 5 years Post-Graduate teaching experience.

(IV) IN THE FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING :

For recognition as a supervising Teacher for the Ph.D. degree in Engineering, a teacher shall be required to satisfy the following condition in respect of teaching experience and research work in addition to the requirements Post-Graduate teacher for M.E. Degree.

BASIC DEGREE	Master's Degree in the Subject	Ph.D. Degree in the Subject	Teaching Experience		OTHERS
			Total years at Degree level	P. G.	
1	**2**	**3**	**4**	**5**	**6**
---	**---**	**Ph. D.**	**5**	**2**	**Two papers Published for publication in recognized Journals.**

(i) Ph.D. degree in the Subject
(ii) At least 7 years of expiriance out of which atleast 2 years at PG level
(iii) At least 2 papers publication in Recognized Journals

(V) APPLICABLE TO ALL FACULTIES :

Notwithstanding anything contained above, in the case of persons of recognized eminence in a subject OR persons with provide merits as Post-Graduate Teachers, the Syndicate may, on the recommendation of the Board of University Teaching and at its discretion, recognize them as supervising Teachers for supervising Ph.D. Research work. It will not be necessary for such persons to apply for recognition.

નોંધ :– યુનિવર્સિટી દ્વારા તા.૪/૩/૨૦૧૫ ના રોજ પરિપત્ર ક્રમાંકઃ પીજી/પરિપત્ર/૨૯૬૨/૨૦૧૫ થી પરિપત્રિત કરેલ છે.

:: પ્રસ્તુત બાબતની નોંધ લેવામાં આવેલ હતી.

૧૬. સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંક : (૩૬) અન્વયે, તબીબી વિદ્યાશાખામાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં યુનાની અભ્યાસક્રમની અરજી ફી તથા એફીલીયેશન ફી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ સ્વીકારી સુધારો ઓર્ડિનન્સ–૬૬(૨) (બી)માં આમેજ કરવા સેનેટને ભલામણ કરેલ હોય જે ઉપર વિચારણા કરવા બાબત.

Sr. NO.	Course / Programme	Student Intake per Division	APPLICATION FEES			Annual affiliation / Fee (per Student)	In case of change in column - 3 minimum fee (payable)	Application fee for permanent affiliation
			For New Affiliation Fees	for Continuing affiliation (Per Division per Year)	For Extension of affiliation (Per Division per Year)			
1	2	3	4	5	6	7	8	9
22-A	Unani	100	150000	16000	70000	800	38500	300000

<u>સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંકઃ (૩૬)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં યુનાની અભ્યાસક્રમ માટેની જોડાણ અરજી ફી અને વિદ્યાર્થીદીઠ એફીલીયેશન ફી ઉપરોકત કોષ્ટકમાં ક્રમાંકઃ ૨૦માં દર્શાવ્યા મુજબ Homeopathic અભ્યાસક્રમ મુજબ રાખવી.**

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે સિન્ડિકેટની તા.૫–૧૨–૨૦૧૪ની સભાની ભલામણ ક્રમાંકઃ (૩૬)નો યથાવત સ્વીકાર કરવામાં આવેલ છે.**

૧૭. પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: **પરિશિષ્ટઃ " ૧૬ "માં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ–૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીના અહેવાલની નોંધ લેવામાં આવેલ હતી.**

(પરિશિષ્ટ : " ૧૬ ")

૧૮. આગામી તા.૨૬/૨૭–૩–૨૦૧૫ના રોજ મળનાર સભામાં સને ૨૦૧૩–૧૪નાં વર્ષમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોને મળેલ દાન અંગેની નોંધ લઈ દાતાશ્રીઓનો આભાર માનવા બાબત.

:: **પરિશિષ્ટ : " ૧૭ "માં જણાવ્યા મુજબ સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોને મળેલા દાનના અહેવાલની નોંધ લેવામાં આવેલ હતી.**

(પરિશિષ્ટ : " ૧૭ ")

હુ ક મ થી,
Sd/-
કુલસચિવ

ક્રમાંક: એસ–૩ (૧)/ ૫૩૦૧/ ૨૦૧૫
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા.૨૯–૪–૨૦૧૫
પ્રકાશક : ડૉ.જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.
પ્રતિ,
સેનેટના સર્વે સભ્યશ્રીઓ.....